# ઈમામે અસ્ર અલયહિસ્સલામના અસ્હાબો અને તેઓની ખાસ ખૂબીઓ

**પ્રસ્તાવના :**

આપણે સૌ જાણી છીએ કે કામના પ્રકાર અને તેના હેતુ પ્રમાણે વ્યક્તિઓને શોધવામાં આવે છે. જો એક સામાન્ય મકાન બનાવવું હોય તો તેના માટે એન્જીનીયરની લાયકાત કાંઇક ખાસ હશે પરંતુ એક મોટો પ્રોજેક્ટ હાથ ધરવાનો હોય તો તેના માટે જે એન્જીનીયરની જરૂર પડશે તેની ખૂબીઓ અને લાયકાતો પહેલા એન્જીનીયરની સરખામણીમાં ઘણી જુદી હશે. હવે જો તમે આખા દેશ માટે એક સંયુક્ત પ્રોજેક્ટ બનાવવા ચાહો છો તો તે માટે તેના એન્જીનીયરો અને જવાબદારીઓ વહન કરવા માટેની લાયકાતો બિલ્કુલ જુદી હશે. અહિ દરેકનુ ખૂબજ બારીકીથી પરીક્ષણ કરવામાં આવશે. જવાબદારીઓ ખૂબજ મહત્વની હોવાથી તેના દરેક પાસા ઉપર ધ્યાન રાખવામાં આવશે. હવે જો આ પ્રોજેક્ટનું સમગ્ર દુનિયામાં અમલીકરણ કરવાનું હોય તો તે માટે વ્યક્તિઓની લાયકાતો એક બીજાથી જુદી હશે. તેની વ્યવસ્થા તેના સંપર્કો, તેની વ્યક્તિઓ દરેકથી સ્વતંત્ર અને ઉચ્ચ હશે. આ મહાન અભિયાનમાં જોડાઇ જવું તે દરેકના માટે શક્ય નથી. તેમાં ભાગ લેનાર દરેક વ્યક્તિ પસંદગી પામેલો અને ચૂંટાએલો હશે. તે એવી વ્યક્તિઓ હશે કે જેઓનું ચારિત્ર્ય, જેઓનો સ્વભાવ અને જેઓનું ચિંતન આ અભિયાન અને આ હેતુ સાથે સંપૂર્ણ રીતે બંધબેસતું હશે. તેઓ પૂરેપૂરી રીતે આ રંગમાં રંગાએલા હશે.

આ સંક્ષિપ્ત પૂર્વ ભૂમિકા પછી આવો આપણે જોઇએ હઝરત વલી અસ્રનું અભિયાન શું હશે? માત્ર થોડી બાબતોની ચર્ચા કરીએ છીએ. :

**(૧) સમગ્ર જગતમાં ન્યાય અને ઈન્સાફ સ્થાપિત કરવો:**

જ્યારે પણ હઝરત વલી અસ્ર અને તેમના નુરાની ઝુહુરની ચર્ચા થાય છે ત્યારે મગજમાં આ વાક્ય ઘુમરાય છે:

يَمْلَاءِ الارض قسطا و عدلا كما مُلِئَتْ بعد ظلمًا و جورا

તે દુનિયાને એવી રીતે અદલ અને ઈન્સાફથી ભરી દેશે જેવી રીતે તે જુલ્મ અને અત્યાચારથી ભરાઇ ગઇ હશે. એટલે હઝરત ઈમામે અસ્ર અલયહિસ્સલામના ઝુહુરનો એક હેતુ આખી દુનિયામાં અદલ અને ઈન્સાફ સ્થાપવો.

**(૨) દીને ઈસ્લામનું પ્રભુત્વ :**

ખુદાવન્દે આલમ કુરઆને કરીમમાં ફરમાવે છે :

هُوَ الَّذِیٓ اَرْسَلَ رَسُوْلَهٗ بِالْهُدٰے وَدِیْنِ الْحَقِّ لِیُظْهِرَهٗ
عَلَے الدِّیْنِ کُلِّهٖ وَلَوْکَرِهَ الْمُشْرِکُوْنَ

(સુરએ સફ, આયત : ૯)

તરજુમો : તે (અલ્લાહ) એજ તો છે જેણે પોતાના રસુલને હિદાયત તથા સત્ય ધર્મ (ઈસ્લામ) સાથે મોકલ્યો કે જેથી તે તેને સઘળા ધર્મો પર પ્રબળ કરી દે, પછી ભલેને તે મુશરીકોને નાપસંદ (કેમ ન) લાગે.

**(૩) શીર્કનો અંત :**

સુરએ નુરની આયત ૫૫ માં અલ્લાહ ફરમાવે છે :

یَعْبُدُوْنَنِیْ لَا یُشْرِکُوْنَ بِیْ شَیْئًا

તરજુમો : તેઓ મારી જ ઇબાદત કરશે અને કોઇ વસ્તુને મારી શરીક નહિ બનાવે ;

હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.) એ સુરા આલે ઈમરાનની –૩૮મી આયત

وَلَهٗٓ اَسْلَمَ مَنْ فِی السَّمٰوٰتِ وَالْاَرْضِ طَوْعًا وَّکَرْهًا

ની તફસીર આ રીતે બયાન કરી છે.

"જ્યારે કાએમનો ઝુહુર થશે ત્યારે દુનિયાનો કોઇ ભાગ એવો નહિ હોય જ્યાંથી "ان لا اله الا الله وانّ محمدًارسول الله" નો અવાજ ન આવી રહ્યો હોય.

(બેહાર – ૫૨, પા. ૩૪૦, ભાગ : ૮૯)

આથી સ્પષ્ટ થાય છે કે હઝરત વલી અસ્ર અલયહિસ્સલામના ઝુહુર પછી દુનિયામાં ચારે તરફ તૌહિદનો ધ્વજ લહરાઇ રહ્યો હશે. કુફ્ર અને શિર્કનું નામ કે નિશાન સુદ્ધાં નહિ હોય. અલ્લાહની જમીન ઉપર અલ્લાહની અને માત્ર અલ્લાહની જ ઇબાદત થશે. દરેક, 'વહદહૂ લાશરીક' ખુદાની સામે માથું ઝુકાવેલો હશે.

**(૪) બીજા હેતુઓ :**

આયતો, રિવાયતો અને દોઆઓમાં બીજા પણ હેતુઓ બયાન કરવામાં આવ્યા છે. ટૂંકમાં દોઆએ નુદબાના થોડા વાક્યો રજુ કરીએ છીએ. આ દોઆ ખૂબજ વિશ્વાસપાત્ર

દોઆ છે. ઇમામે અસ્ર અલયહિસ્સલામની બારગાહમાં સંપર્કનું ઘણું જ મહત્વનું માધ્યમ છે. આ દોઆ જુમ્આના દિવસે પડવાની ઘણી તાકીદ કરવામાં આવી છે.

અ. વાજીબાત અને સુન્નતનોનું સંશોધન

બ. મિલ્લત અને શરીઅતનું નવજીવન

ક. કુરઆને મજીદની હદોનું નવનિર્માણ

ખ. દીન અને દીનદારોના નવજીવન

ગ. જાલીમ અને અત્યાચારીઓની સત્તાઓનો નાશ

ઘ. શીર્ક અને દંભનો નાશ

ચ. ગુનેહગારોની નાબુદી

છ. નાફરમાની અને મતભેદોનો અંત

જ. અસત્ય બોલનારા, જુઠ્ઠાઓ, આક્ષેપો અને બદનામી, નિંદા અને ફજેતી કરનારાઓનો નાશ,

ઝ. દોસ્તોને સન્માન અને ગૌરવ અપાવનારા, તેમજ દુશ્મનોનું અપમાન અને બદનામી કરનારા.

ટ. તકવા અને પરહેઝગારી ઉપર લોકોને ભેગા કરવા

થ. છૂટા છવાયા પરેશાન લોકોને ભેગા કરવા

(૫) હઝરત વલી અસ્રથી મખ્સુસ સલવાતમાં કાંઇક આ રીતે બયાન કરવામાં આવ્યું છે :

૧, દીનના દરેક દુશ્મનોના મૂળ સ્વરૂપનો નાશ

૨, દીનના દુશ્મનોના સરદારોનો અંત

૩, અસત્ય આચરનારને સજા કરવી.

૪, કુફ્ર અને નિચતાના દરેક ધ્વજને નમાવી દેવા.

૫, એ શક્તિઓના ટૂકડે ટૂકડા કરી નાખવા જે દીનની દુશ્મન છે.

૬, તે લશ્કરોને પરાસ્ત કરવા જેનો હેતુ સાચા દીનને નુકસાન પહોંચાડવાનો છે.

૭, તે મિમ્બરોને તોડી પાડવા જેનો હેતુ સાચા દીને ઇસ્લામની વિરૂદ્ધ ઝેર ઓકવાનો છે.

૮, દીનના દુશ્મનોની તલવારોને તોડવી

૯, મૂર્તિઓના મસ્તક ઝૂકાવી દેવા

૧૦, મજબુત કિલ્લાઓને વિરાન કરવા

૧૧, ફીત્ના અને ઝઘડાઓના બધા દરવાજાઓને બંધ કરી દેવા.

૧૨,જુલ્મના મહેલોને તોડી પાડવા

૧૩, જમીનના બધા ખજાનાઓને બહાર લાવવા.

૧૪, દરેક નિચાણ અને ઉંચાણ ઉપર નિયંત્રણ પ્રાપ્ત કરવું.

આ બાબતોથી ખૂબ સારી રીતે અંદાજ આવી જશે કે નુરાની ઝુહુર પછી હઝરત વલી અસ્ર અલયહિસ્સલામની જવાબદારી માત્ર હુકમો બયાન કરવાની નથી. બલ્કે ખુદાવન્દે આલમના સંપૂર્ણ દીનને પૂરે પૂરી રીતે અમલીકરણ કરવાનું છે. તે કામ કરવાનું છે જે અત્યાર સુધી કોઇએ પણ નથી કર્યું.

અત્યાર સુધી જેટલા અમ્બીયાઓ આવ્યા તેઓનું કામ અલ્લાહનો સંદેશો પહોંચાડવાનું હતું.

”وما علینا الاّ البلاغ“ ”انما انت منذر لست علیھم بمصیطر-

આપનું કામ સંદેશો પહોંચાડી દેવાનું છે. આપનું કામ ખતરાઓથી માહિતગાર કરવાનું છે. આપની તેઓના ઉપર જબરદસ્તી નથી.

یاایھاالرسول بلغ -

એ રસુલ ! સંદેશો પહોંચાડી આપો.

## હુકમોનું અમલીકરણ તબ્લીગથી વધુ મુશ્કેલ :

હઝરત વલીએ અસ્ર (અજ.) ની જવાબદારી માત્ર ખુદાનો સંદેશો પહોંચાડવો, તે નથી. બલ્કે તેને પૂરે પુરી રીતે આખી દુનિયામાં સૌના માટે અમલમાં મૂકવાનો છે. અમ્બીયા (અ.સ.) એ હુકમોની તબ્લીગમાં અસંખ્ય મુશ્કેલીઓ સહન કરી છે. તેઓને સૌથી વધુ સખત દુઃખોનો સામનો કરવો પડ્યો છે. જનાબે નુહ (અ.સ.) ની પવિત્ર જીભ ઉપર આ વાક્ય હતું. ''કદાચને, મારી પાસે કોઇ મજબુત સહારો હતે.''

જ્યારે હુકમોની તબ્લીગના માર્ગમાં આટલી બધી મુશ્કેલીઓ હતી ત્યારે હુકમોના અમલીકરણના સમયે કેટકેટલી પ્રતિકૂળતાઓનો સામનો કરવો પડતો હશે !

## દોસ્તો અને મદદગારોની ખાસ ખૂબીઓ :

આ ટૂકંમાં દર્શાવેલી બાબતો ઉપર વિચાર કરવાથી એ હકીકત સમજાય જશે કે હઝરત વલી અસ્ર અલયહિસ્સલામ ના મદદગારો અને નિસાર થનારાઓની ખાસખૂબીઓ કઇ હશે ? તેઓ કેટલા ઉચ્ચ દરજ્જાના ચારિત્ર્યવાન હશે?

ખુદાવન્દે આલમનો મોટો અહેસાન છે કે તેણે આપણને અહલેબયત અલયહેમુસ્સલામના રક્ષણ હેઠળ રાખ્યા છે. ઇલ્મના શહેરના દરવાજાની રિવાયતોમાં ઇમામે અસ્ર અલયહિસ્સલામના અસહાબોની ખાસ ખૂબઓની ચર્ચા કરવામાં આવી છે. જો આ ખૂબીઓ કે તેમાંની કોઇ એક આપણામાં જોવા મળે તો ખુદાના શુકર અદા કરીએ. જો ખુદા ન કરેને આપણું અસ્તિત્વ તે ખૂબીઓથી શણગારેલુ ન હોય તો ખુદા પાસે દોઆ કરીએ કે આ બધી ખૂબીઓને પ્રાપ્ત કરવાની તૌફીક આપે.

### સામૂહિક ગુણ :

હઝરત ઇમામ જઅફર સાદિક (અ.સ.) એ એક રિવાયતમાં હઝરત ઇમામ મહદી અલયહિસ્સલામના અસહાબોના સામૂહિક ગુણોની ચર્ચા કરી છે.

* જેમના દિલ લોખંડ કરતા વધુ મજબૂત હશે.
* અલ્લાહ ઉપર સંપૂર્ણ યકીન રાખતા હશે. તેમના દિલોમાં શંકા ઉદભવશે નહિ.
* પથ્થરોથી વધુ સખત. જો પહાડની તરફ નજર કરે તો તેને ઉખેડી નાખે.
* પોતાનો ધ્વજ લઇને જે શહેરમાં જશે તેને જીતી લેશે.
* તેજ ગતિવાળા શિકારી પક્ષી છે જે ઘોડા ઉપર સવાર છે.
* બરકતના માટે ઇમામ અલયહિસ્સલામની સવારીના જીનને સ્પર્શ કરતા હશે.
* ઇમામને ઘેરી લીધા હશે દરેક આફત અને બલાથી તેમનું રક્ષણ કરતા હશે.
* ઇમામની દરેક ઇચ્છા દિલો જાનથી પૂરી કરશે. ,
* રાત્રીઓમાં સૂઇ નહિ જાય.
* નમાઝમાં મધમાખીની જેવા તાલબધ સ્વરમાં ઇબાદત કરતા હશે.
* રાત ઇબાદતમાં પસાર કરશે. સવારે ઘોડાઓ ઉપર સવાર થઇને મદદ માટે તૈયાર દેખાશે.
* ઇમામના માટે કનીઝથી વધુ આજ્ઞાંકિત અને અનુસરણ કરનારા હશે.
* તેઓ ખુદ પ્રકાશિત જ્યોત છે તેઓના દિલ નુરાની દિપિકાઓ જેવા હશે. ,
* ખુદાથી ડરનારા, વહદાનિય્યતની સાક્ષી આપનારા
* ખુદાની રાહમાં શહાદતની તમન્ના ધરાવનારા
* તેમનો તરિકો 'યા લેસારતીલ હુસયન' (અ.સ.)
* જ્યારે ચાલશે ત્યારે રૂઆબ અને ધાક, એક મહિનાની સફરના અંતરથી તેમની આગળ વ્યાપેલા હશે.
* ખુદાની ખુશ્નુદી મેળવનારા
* ખુદા તેઓની મારફતે ઇમામે હકની મદદ કરશે.

(બેહાર - ભાગ - ૫૨, પા. ૩૦૭-૩૦૮, હ. ૮૨)

### સંખ્યા :

ઇમામ મોહમ્મદ તકી (અ.સ.) એ ફરમાવ્યું : ખુદા તેમના સાથીદારોને તેમની આજુ બાજુ ભેગા કરશે. તેઓની સંખ્યા બદરના સૈનિકોની જેમ ૩૧૩ હશે. તેઓ દુનિયાના જુદા જુદા ભાગોમાંથી ભેગા થશે. અને આ જ છે ખુદાના તે કથનનું અર્થઘટન : ''તમે જ્યાં પણ હો ખુદા તમને લઇ આવશે. નિશંક અલ્લાહ દરેક ચીજ ઉપર કુદરત ધરાવે છે.''

(સુરા બકરહ : ૧૪૯) (બેહાર - ૫૨/૨૮૩ હ. ૧૦)

એ તે સંખ્યા છે જેના પછી હઝરત ખાનએ કા'બાથી પોતાના ઝુહુરની જાહેરાત કરશે. આ બધી વ્યક્તિઓ ''અહલે ઇખ્લાસ'' નિખાલસતા ધરાવનારી હશે. જ્યારે આ સંખ્યા દસ હજાર સુધી પહોંચી જશે, ત્યારે ઇમામ ખુદાના હુકમથી સત્તાનો દોર સંભાળશે અને દુશ્મનોને કતલ કરશે. (સંદર્ભ ઉપર મુજબ)

### કેવી રીતે ભેગા થશે ?

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું : જ્યારે અમારા કાએમ સત્તા ઉપર આવશે ત્યારે ખુદા પૂર્વ અને પશ્ચિમમાં વસવાટ કરનારા લોકોને ભેગા કરશે. આ લોકો એવી રીતે ભેગા થશે, જેવી રીતે પાનખરમાં પાંદડાઓ ભેગા થાય છે.

(સવાએકે મોહરેકા પા. ૧૬૩, મુન્તખબુલ અસર પા. ૪૭૭)

આં હઝરતની બીજી એક રિવાયત મુજબ આ લોકો પલક ઝપકમાં ભેગા થઇ જશે. (ઇલ્ઝામુન નાસેબ પા. ૨૦૦)

રાત પોતાના ઘરોમાં પસાર કરશે અને સવાર થતા સુધીમાં મક્કએ મોકર્રમા પહોંચી જશે.

(બેહાર, ૫૨/૨૮૬ હ. ૨૧)

### વાદળો ઉપર સફર કરશે :

તેઓમાંથી અમૂક, દિવસમાં વાદળ ઉપર સફર કરશે. ઇમામ તેઓના નામથી, તેઓના બાપદાદાના નામથી, તેઓના ખાનદાનની પરંપરા અને રીત ભાતથી ઓળખતા હશે. રાવીએ પૂછ્યું, કોનું ઇમાન સૌથી વધુ હશે. ફરમાવ્યુંઃ ''જે દિવસમાં વાદળો ઉપર સફર કરશે.''

(સંદર્ભ ઉપર મુજબ)

### ઉચ્ચકક્ષાના બહાદુર અને ઇબાદત કરનારા હશે :

હઝરત ઇમામ જઅફર સાદિક (અ.સ.) ની રિવાયત છે.

હું કાએમ અને તેમના સાથીદારોને કુફામાં જોઇ રહ્યો છું. તેઓના કપાળ ઉપર સજદહના સ્પષ્ટ નિશાનો હશે. દિવસમાં વનરાજ (જંગલનો સિંહ) જેવી બહાદૂરી, રાતે દરઝ્ઝા મુજબના ઇબાદત કરનારા. તેઓના શરીર પોલાદથી પણ વધુ મજબુત હશે. એક એકની શક્તિ ચાલીશ મરદની બરાબર હશે. તેઓ માત્ર કાફરો અને મુનાફિકોને કતલ કરશે.

(બેહાર ૫૨/૩૮૬, હ. ૨૦૨)

### તલવારો ઉપર તેઓના નામ કોતરાએલા હશે :

દરેકની તલવાર ઉપર તેમના તથા તેમના ખાનદાનના નામ કોતરાએલા હશે. ચહેરાનો દેખાવ પણ ઓળખ માટે

લખેલો હશે. (બેહાર, ૫૩/૩૬૯, હ. ૧૫૫)

અને આ તલ્વારો આકાશમાંથી આવશે.

(બેહાર, ૫૨/૨૫૬ હ. ૧૨૧)

## જમીન પાર કરશે :

ઇમામ મોહમ્મદ બાકીર (અ.સ.) એ ફરમાવ્યું : દુનિયાના જુદા જુદા ભાગોમાંથી તેમના શીયાઓ તેમની પાસે ભેગા થશે. જમીન તેઓના માટે સંકોચાઇ જશે. તેઓ તેમની (ઇમામ અ.સ.ની) સેવામાં હાજર થઇને બયઅત કરશે. (ઇરશાદે મુફીદ ૩૪૧ મુન્તખબુલ અસર ૧૯૮)

આ રિવાયતોથી એમ જણાય છે કે ઇમામે ઝમાના અલયહિસ્સલામના સાથીદારો દુનિયાના જુદા જુદા ભાગોમાંથી તેમની સેવામાં હાજર થશે. અમૂક લોકો એવી રીતે પહોંચશે કે રાતે પોતાના ઘરમાં પોતાના બિછાના ઉપર હશે અને સવારે ઇમામની સેવામાં હશે. અમૂક પલક ઝપકતા પહોંચશે. બનવા જોગ છે કે ૩૧૩ વ્યક્તિઓ પલક ઝપકતા ભેગા થઇ જાય અને બાકીની વ્યક્તિઓ બીજી રીતે ઇમામની સેવામાં હાજર થાય. આ તફાવત તેઓના ઇમાનના દરજ્જાના કારણે પણ હોઇ શકે છે. અમુક વ્યક્તિઓ તો પાણી ઉપર ચાલશે. જ્યારે તેઓ નદીના કાંઠે પહોંચશે ત્યારે પોતાના પગો ઉપર કાંઇક લખશે અને પાણી ઉપર ચાલશે. (બેહાર ૫૨/ ૩૨૭ હ. ૪૩)

## ઘણાં વધુ આજ્ઞાંકિત, ખુશ્બુવાળા અને નસીબદાર:

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ઉબય બીન કઅબને હઝરત કાએમ (અ.સ.) ની વિગતોનું વર્ણન કરતા ફરમાવ્યું:

ખુદાવન્દે આલમ દુનિયાના જુદા જુદા ભાગોમાંથી બદ્રવાળાની સંખ્યાની બરાબર તેમના સાથીદારોને ભેગા કરશે તેમની પાસે એક એવું આસમાની પવિત્ર પુસ્તક છે કે જેમાં તેમના સાથીદારોની સંખ્યા, તેઓના નામ, તેઓના શહેર, તેઓનો સ્વભાવ, તેઓનું વિશેષ નામ અને તેઓનો દેખાવ લખેલા છે. આ લોકો તેમના અનુસરણ અને આજ્ઞાપાલનમાં ઘણા વધુ પ્રયત્નશીલ હશે.

તે પછી આં હઝરત (સ.અ.વ.) એ તેઓના મહત્વને આ રીતે જાહેર કર્યું. :

એ ઉબય ! નસીબદાર છે તે લોકો જે તેમની સાથે મુલાકાત કરે. ખુશ કિસ્મત છે તે જે તેમની સાથે મોહબ્બત કરે, ખુશ કિસ્મત છે તે જે તેમની સાથે ચર્ચા કરે. તે તેઓને વિનાશમાંથી મૂક્તિ અપાવશે. ખુદા, તેના રસુલ અને તમામ ઇમામોના સ્વિકારના કારણે તેઓના માટે જન્નતના દરવાજા ખોલી દેશે. તેઓનું ઉદાહરણ તે કસ્તુરીની જમીનની જેમ છે જેની સુગંધ ફેલાય છે, બદલાતી નથી. આકાશમાં તેનું ઉદાહરણ પ્રકાશમય ચંદ્રની જેમ છે. જેનો પ્રકાશ ક્યારે પણ પૂરો નથી થતો.

(બેહાર ૫૨/૩૧૦ - ૩૧૧ હ. ૪)

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ઇમામે ઝમાના અલયહિસ્સલામના સાથીદારોની કસ્તુરી સાથે સરખામણી કરી છે. કસ્તુરી સર્વશ્રેષ્ઠ ખુશ્બુ છે. આ ખુશ્બુ તેઓના શરીરની પણ હોય શકે છે અને તેઓના સંસ્કાર અને ચારિત્ર્યની પણ એટલે કે તેઓના ઇમાન અને અમલથી સમગ્ર વાતાવરણ મહેકી ઉઠશે.

તેમની ચંદ્રથી સરખામણી કરવામાં આવી છે. ચંદ્ર પ્રકાશની નિશાની છે. પરંતુ ચંદ્રનો પ્રકાશ તેનો પોતાનો નથી. પરંતુ સૂર્યના પ્રકાશનો પડછાયો છે. ચંદ્રનો સમગ્ર પ્રકાશ સૂરજના કિરણોના કારણે છે. ચંદ્ર પોતાના અસ્તિત્વમાં તે કિરણોને સમાવી લે છે તેથી પ્રકાશમય બની જાય છે. ઇમામ અલયહિસ્સલામના સાથીદારોની ચંદ્રની સાથે સરખામણી કરવામાં આવી છે. એટલે તેઓના જીવનનો પ્રકાશ ઇમામતના સૂર્ય હઝરત વલી અસ્ર અલયહિસ્સલામની રોનકની અસર છે. ઇમામ અલયહિસ્સલામના ચારિત્ર્યનું પ્રતિબંબ છે. જે તેમના જીવનમાં દેખાય છે. આ બાબત પણ વિચારવા જેવી છે કે દુનિયા આ વ્યક્તિઓને સામાન્ય માનવી ગણે પરંતુ આસમાનવાળા આ સૌને પ્રકાશિત ચંદ્ર ગણે છે.

એક રિવાયતમાં આ રીતે છે.

ઇમામ મોહમ્મદ બાકિર (અ.સ.) એ ફરમાવ્યું : જ્યારે કાએમ (અ.સ.) નો ઝુહુર થશે ત્યારે ખુદાવન્દે આલમ એક પછી એક હરોળમાં મહોરવાળા ઇબાદત કરનાર, નાઝીલથવાવાળા મલાએકાઓ થકી તેઓની મદદ કરશે. જીબ્રઇલ તેઓની આગળ હશે, મીકાઇલ જમણી તરફ, ઇસરાફીલ ડાબી તરફ. ચારે બાજુએ એક મહિનાની સફરના અંતરે રાખેલ, આગળ ચાલશે. ખુદાવન્દે આલમના ખાસ ફરિશ્તાઓ તેમની સવારીની સાથે હશે. સૌ પ્રથમ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) હશે, તેમના પછી હઝરત અલી (અ.સ.) તેમની પાસે ખાસ તલવાર હશે. જેનાથી તેઓ રોમ, ચીન, તૂર્કી, સિન્ધ, હિન્દ, કાબુલને જીતશે.

મુબારકબાદને પાત્ર છે એ લોકો જે તેમને સમજે અને તેમના અન્સારોમાં જોડાઇ જાય. બદનસીબ અને ખરેખર બદનસીબ છે તે લોકો જે તેમના હુકમનો વિરોધ કરે અને તેઓની ગણતરી દુશ્મનોમાં થાય.

(બેહાર, ૫૨/૨૨૯-૨૪૮, હ. ૯૯),

તેનાથી વધુ ખુશ-કિસ્મતી શું હશે, તે ઇન્સાનની જે

એવી હસ્તીના અન્સારોમાં ભળેલો હોય જેના અન્સારોમાં (મદદ કરવાવાળાઓમાં) અલ્લાહની બારગાહના માનવંતા ફરિશ્તાઓ હોય.

**બધા એક સરખા હશે - બધા જવાન હશે :**

હઝરત અલી બીન અબી તાલીબ (અ.સ.) મે ફરમાવ્યું: મહદી (અ.સ.) ના બધા અન્સારો જવાન હશે. તેમાંના કોઇ વૃદ્ધ નહિ હોય. માત્ર આંખોના સુરમાની બરોબર અથવા ખાવામાં નિમકની બરાબર, બલ્કે તેનાથી પણ ઓછા હશે.

(ગયબતે નોઅમાની પા. ૧૭૦, રોઝગારે રેહાઈ ભા. ૧/૪૧૫, હ.-૪૮૦)

અહિં શક્ય છે કે જવાનનો અર્થ નિય્યત અને ઈરાદો હોય.

ખુદાવન્દે આલમે કુરઆને કરીમમાં મૂર્તિ ખંડનના પ્રસંગે જનાબે ઇબ્રાહીમ (અ.સ) ને માટે 'ફતા' (જવાન)નું અર્થઘટન કર્યું છે.

قَالُوا سَمِعْنَا فَتًى يَذْكُرُهُمْ يُقَالُ لَهُ إِبْرَاهِيمُ ٥

(સુરએ અમ્બીયા , આયત : ૬૦)

(અમે એક જવાનના બારામાં સાંભળ્યું છે જેને ઇબ્રાહીમ કહે છે.)

જો કે તે સમયે જનાબે ઇબ્રાહીમ (અ.સ.) ની ઉમર ૮૦ વરસની હતી. આથી ખબર પડી કે જે મૂર્તિનું ખંડન કરે છે, તેને 'ફતા' કહેવામાં આવે છે. આ વાત પહેલે આવી ચૂકી છે કે હઝરત વલી અસ્ર અલયહિસ્સલામ પોતાના ઝુહુર પછી મૂર્તિઓને ખંડિત કરશે.

હઝરત અલી (અ.સ.) એ એક બીજી રિવાયતમાં આ રીતે ફરમાવ્યું છે :

હું તેઓને (વલી અસ્ર અલયહિસ્સલામના અસહાબોને) જોઇ રહ્યો છું. તેઓનો રંગ એક છે, કદ એક છે, સુંદરતા, ચહેરો અને મોઢું એક છે, પહેરવશે સમાન છે. તેઓ સંપીને પોતાની ગુમ થએલી વસ્તુને શોધી રહ્યા છે. તેઓ હેરાન પરેશાન છે કે એટલામાં એક માણસ ખાનએ કાબાની છેલ્લી દિવાલના પરદામાંથી જાહેર થશે. આ માણસ રૂપ, રંગ, ચારિત્ર્ય તથા સંસ્કાર, દેખાવ અને ચહેરામાં હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) સાથે વધુ સામ્ય ધરાવતો હશે. આ લોકો પૂછશે ''أانت مهدی'' 'શું આપ મહદી છો?' તેઓના જવાબમાં કહેશે, ''હા, હું મહદી છું.'' પછી સૌ તેમની બયઅત કરશે.

(અલ મલાહીમ વલ ફતન,પા.૧૨૨, રોઝગારે-રબ્બાની ૧/૪૧૬, હ. ૪૮૨)

આ એક રંગ અને સમાનતાનું કારણ કદાચ એ હોઇ શકે કે તે લોકો સમાન વિચાર સરણી ધરાવતા હશે. તેઓના સુખ દુઃખ એક હશે. તેઓએ પોતાના જીવનમાં ઇમામ મહદી અલયહિસ્સલામના અકીદાને એવી રીતે વણી લીધો હશે કે બધા એક જ રંગે રંગાઇ ગયા હશે. અને તેઓની રીતભાત ઇમામ મહદી અલયહિસ્સલામની રીતભાત જેવી હશે.

**બુદ્ધિ પરિપૂર્ણ હશે - જોવા અને સાંભળવાની શક્તિ તેજ હશે :**

હઝરત ઇમામ મહદી અલયહિસ્સલામના અસહાબોની એક ખૂબી એ હશે કે અક્કલ સંપૂર્ણત હશે. તેઓના સંસ્કાર અને ચારિત્ર્ય સર્વશ્રેષ્ઠ હશે.

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર (અ.સ.) ની રિવાયત છે : જ્યારે અમારા કાએમ (અ.સ.) નો ઝુહુર થશે ત્યારે તેઓ લોકોના માથાઓ ઉપર હાથ ફેરવશે જેથી તેમની (લોકોની) બુદ્ધિઓ પરિપૂર્ણ થઇ જશે અને ચારિત્ર્ય સર્વશ્રેષ્ટ થઇ જશે.

(બેહાર, ૫૨/૩૨૯, હ. ૪૭-૩૩૬-૭૧)

હઝરત પયગમ્બરે અકરમ (સ.અ.વ.) એ એક હદીસમાં ફરમાવ્યું :

بعثت لاتمم مكارم الاخلاق

મારી નિમણુંક એટલા માટે કરવામાં આવી છે કે ચારિત્ર્યની ઉંચાઇઓને તેની પરાકાષ્ટાએ પહોંચાડી દઉં.

આથી સ્પષ્ટ થાય છે કે પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.) ની નિમણૂંકનો હેતુ હઝરત મહદી અલયહિસ્સલામના ઝુહુરથી પરિપૂર્ણ થશે. એ વાત વિચારવા જેવી છે કે રિવાયતમાં અક્કલ પરિપૂર્ણ થવાની ચર્ચા પહેલાં છે અને ચારિત્ર્યની પૂર્ણતાની ચર્ચા પછી છે. તેથી સ્પષ્ટ થાય છે કે ચારિત્ર્યનો સદ્‌ગુણ પ્રાપ્ત કરવા માટે અક્કલ પરિપૂર્ણ હોવી જરૂરી છે. એટલે કે હકીકતમાં સાચો બુદ્ધિશાળી ખરાબ ચારિત્ર્યનો ન હોય શકે.

ઇમામે અસ્ર (અ.સ.) ના ઝુહુર પછી લોકોની માત્ર અક્કલ પરિપૂર્ણ નહિ થાય બલ્કે તેઓની જોવાની અને સાંભળવાની શક્તિ પણ તેજ થશે.

હઝરત ઇમામ સાદિક (અ.સ.) ની રિવાયત છે :

''જ્યારે અમારા કાએમ (અ.સ.) નો ઝુહુર થશે ત્યારે ખુદાવન્દે આલમ લોકોની જોવાની અને સાંભળવાની શક્તિને એટલી સતેજ કરી દેશે કે ઇમામ (અ.સ.) અને લોકો વચ્ચે કોઇ સંદેશાવાહક - કાસદ નહી હોય. ઇમામ (અ.સ.) લોકોની સાથે સીધે સીધી વાતચીત કરશે લોકો

પોતાની જગ્યાએથી ઇમામ (અ.સ.) ની વાતોને સાંભળશે અને ઇમામ (અ.સ.) ને જોશે.'' (બેહાર, ૫૨/૩૩૬, હ. ૭૨)

### કુરઆનના મોઅલ્લીમો, કુરઆનના હાફીઝો :

હઝરત અલી (અ.સ.) એ એક રિવાયતમાં ફરમાવ્યું : હું મસ્જીદે કુફામાં મારા શીયાઓને જોઇ રહ્યો છું. ઠેક ઠેકાણે તંબુઓ ઊભા કરવામાં આવ્યા છે. અને તેઓ લોકોને કુરઆને કરીમની તાલીમ આપી રહ્યા છે અને એવી રીતે તાલીમ આપી રહ્યા છે, જેવી રીતે તે ઉતર્યું હતું. (બેહાર, ૫૨/૩૬૪, હ. ૧૩૯-૪૦-૪૧)

આ રિવાયતમાં હઝરત અલી (અ.સ.) એ ઇમામે અસ્ર (અ.સ.) ના અસહાબોને પોતાના શીયા તરીકે ગણ્યા છે. આનાથી ઇમામે અસ્ર (અ.સ.) ના દરજ્જાનો અંદાજ આવે છે અને તે પણ સમજાય છે કે ઇમામો (અ.સ.) ઇમામે અસ્ર (અ.સ.) ના અસહાબોને કેવી રીતે ચાહે છે. તેઓને 'મારા શીયા' થી ઓળખ કરાવી રહ્યા છે, તેથી કેટલો બધો સ્વજન હોવાનો એહસાસ થાય છે.

આજ કાલ કુરઆને કરીમની તાલીમ આપનારાઓને કોઇ ખાસ માનની દ્રષ્ટિથી નથી જોતું. દુનિયાનું શિક્ષણ આપનાર શિક્ષકો અને પ્રોફસરોનું સન્માન કરવામાં આવે છે. પરંતુ ''મોલવી સાહેબ'' બસ એમ જ ગણના કરવામાં આવે છે.

લોકોને કદાચ એ વાતનો ખ્યાલ નથી કે ઉસ્તાદનું મૂલ્ય કિતાબ અને લેખોના મહત્વની સાથ જોડાએલું છે. જ્યારે દુનિયાની કોઇપણ કિતાબ કુરઆને કરીમથી વધુ ઉચ્ચ નથી. અને કોઇ પણ લેખ કુરઆનના અર્થો અને મતલબથી ઉચ્ચતર નથી. તેથી સૌથી વધુ લાયક સન્માનને પાત્ર કુરઆનના મોઅલ્લીમ છે.

એક બીજી રિવાયતમાં હઝરત અલી (અ.સ.) એ આ રીતે ફરમાવ્યું છે :

તે જમાનામાં લોકોને એ રીતે તેજ કરવામાં આવશે જે રીતે લુહાર કમાનને તેજ કરે છે. કુરઆનથી તેઓની આંખો નુરાની બની જશે અને તફસીરથી તેઓના કાન જીવંત થઇ જશે. તેઓ સવાર સાંજ હિકમતના જામ પીશે.

તેઓની આજુબાજુમાં ખુદાના એવા બંદાઓ ભેગા થશે જે આપના સંદેશાને જીવંત રાખશે. આપની મદદ કરશે આપના વઝીર બનશે આપના સામ્રાજ્યની મહત્વની જવાબદારીઓને નિભાવશે. ખુદાએ જે કામ આપને સોંપ્યું છે તેમાં આપની મદદ કરશે.

(યનાબીઉલ મોવદ્દહ, ૯૫/૩, ઇલઝામુન નાસીબ ૧૯૨/ રોઝગારે રીહાઇ, ભાગ - ૧, પા. ૪૧૮-૪૮૭)

જો આપણે ઇમામે અસ્ર (અ.સ.) ના અસહાબોમાં જોડાવા માગતા હોઇએ તો આપણે સંપૂર્ણ રીતે કુરઆને કરીમની સાથે વૈચારિક એકતા સાધવી જોઇએ.

### એક દીલ :

હઝરત અલી (અ.સ.) એ ઇમામે અસ્ર (અ.સ.) ના અસહાબોનું મહત્વ આ શબ્દોમાં બયાન કર્યું :

તે એવા લોકો છે જે ખુદા ઉપર પોતાની ધીરજનો એહસાન નથી જતાવતા. ખુદાની રાહમાં પોતાની કુરબાનીઓને મોટી નથી ગણતા. જ્યારે કોઇ ઘટના ઘટે છે અને આશાઓ તૂટી જાય છે, ત્યારે પોતાની આંખોને તલવારની ચમકથી પ્રકાશિત કરે છે. પોતાના ઇમામ (અ.સ.) ના હુકમથી ખુદાની નજદિકી મેળવે છે. બધા બોડમાંથી નીકળેલા સિંહ જેવા છે. જો તેઓ પહાડને પોતાની જગ્યાએથી ઉખેડી નાખવા માગે તો ઉખેડી શકે છે. આ એવા લોકો છે જેમણે સાચી રીતે અલ્લાહની વહદાનિય્યતનો સ્વિકાર કર્યો છે.તેઓ રાતોમાં ખુદાના ડરથી એવી રીતે રૂદન કરે છે જેવી રીતે મા પોતાના જવાન દીકરાના મૃત્યુ ઉપર રડે છે. રાત્રે ઇબાદત કરે છે અને દિવસો રોઝામાં પસાર કરે છે.

તે બધાના સંસ્કારો અને ચારિત્ર્ય એક સમાન છે. તેઓના હૃદય એક બીજા માટેની મોહબ્બત, દિલેરી અને શુભ ભાવનાઓથી ભરપુર છે.

(ઇલ ઝામુનનાસીબ પા. ૧૯૯, રોઝગારે રેહાઇ ભા.૧ પા. ૧૪૪ હ. ૪૭૭)

ઇમામે ઝમાના (અ.સ.) એ જનાબ શયખ મુફીદ (અ.ર.) ના નામે લખેલ એક પત્ર (તવકીઅ) માં ફરમાવ્યું છેઃ

''ખુદા આપણા શીયાઓને તાબેદારી કરવાની સદ્બુદ્ધિ આપે. જો તેઓ સૌ એક સંપ થઇને પોતાના વચનને પુરૂ કરતે તો અમારી બરકતથી ભરેલી મુલાકાતમાં વિલંબ ન થતે.''

આ પત્રથી જાણવા મળે છે કે લોકો તાબેદારી તો કરે છે પરંતુ તે તાબેદારીમાં એક સંપ નથી, સમૂહમાં નથી. મસ્જીદમાં બંદગી કરનારાઓ છે. પરંતુ તેઓના દિલ એક બીજા માટે ચોખ્ખા નથી. ઇમામની મુલાકાતની શરત માત્ર બંદગી નથી. એક સંપ થઇને સામૂહિક રીતે વચનને પાળવાનું છે. એવું લાગે કે શરીર જુદા જુદા છે પરંતુ દિલ અને તેની ધડકન એક છે. તે પછીની રિવાયત ઉપર ધ્યાન આપીએ.

### ઇમામ (અ.સ.) ના આશિકો :

હઝરત અલી (અ.સ.) એ ફરમાવ્યું :

ખુદા તે લોકોના દિલોને નજદિક કરી દેશે. (તેઓ એક બીજાથી ઘણા નજદિક હશે.) તેઓ કોઇના જવાથી વધુ પડતા ગમગીન નહિ થાય. તેમજ ન કોઇના આવવાથી વધુ

પડતા ખુશ થશે. તેઓની સંખ્યા બદરના અસહાબો જેટલી ૩૧૩ હશે. ભૂતકાળમાં કે ભવિષ્યમાં તેમની જોડ નહિ હોય ન ભૂતકાળના લોકો તેઓની ઉપર વર્ચસ્વ જમાવી શકશે અને ન પાછળથી આવનારા તેઓને પહોંચી શકશે. તેઓ તાલુતના અસ્હાબો જેટલી સંખ્યામાં (૩૧૩) હશે. જેમણે (સફળતા પૂર્વક) નહેર પસાર કરી હતી.

(મુન્તખબુલ અસર, પા. ૧૬૬, રોઝગારે રેહાઈ, પા. ૧૪૦, હ. ૪૬૪)

ખુદાવન્દે આલમે તાલુતના અસ્હાબોની કસોટી એવી રીતે કરી હતી કે રસ્તામાં એક નહેર મળશે પરંતુ સખત તરસ લાગી હોવા છતાં તેમાંથી પાણી ન પીતા. પરંતુ જ્યારે આ લોકો નહેરની નજદિક પહોંચ્યા ત્યારે મોટા ભાગના લોકોએ મનાઇ કરી હોવા છતાં પાણી પીધું માત્ર થોડા લોકો (૩૧૩) એવા હતા કે જેમણે તેઓના રહેબરની સૂચના ઉપર અમલ કર્યો અને પાણી ન પીધું અને કસોટીમાં પાર ઉતર્યા.

આ હદીસથી જાણવા મળે છે કે હઝરત વલી અસ્ર (અ.સ.) ના તામામ અન્સારો પોતાના ઇમામની પૂરેપૂરી તાબેદારી કરશે અને તેઓ એક બીજાથી ઘણા વધારે નજદિક હશે.

## ઈમામ (અ.સ.) ની બારગાહના પ્રતિષ્ઠીત લોકો:

હઝરત ઈમામ સાદિક (અ.સ.) ની એક રિવાયતમાં છે કે જ્યારે ઈમામે ઝમાના (અ.સ.) નો ઝુહુર થશે ત્યારે ઈમામ (અ.સ.) હજરે અસવદ અને મકામે ઇબ્રાહીમની વચ્ચે ઊભા રહીને ઊંચા અવાજે પોકારશે :

''એ મારા પ્રસિદ્ધિ કરનારાઓ, સરદારો, એ મારા ખાસ લોકો, અને એ લોકો, જેઓને ખુદાવન્દે આલમે આ દુનિયામાં મારા ઝુહુરની પહેલા મારી મદદ માટે ભેગા કર્યા છે. મારી તાબેદારી કરતા કરતા મારી પાસે ચાલ્યા આવો.''

હઝરત (અ.સ.) નો આ અવાજ પૂર્વ અને પશ્ચિમમાં દરેક જગ્યાએ સંભળાશે. એટલે સુધી કે લોકો પોતાની ઈબાદતની મેહરાબ અને પોતાના બિછાનાઓમાં તે અવાજને સાંભળશે. એક જ અવાજ દરેકના કાનમાં સંભળાશે. લોકો જલ્દી જલ્દી ઈમામ (અ.સ.) ની સેવામાં હાજર થશે.

(ગયબતે તુસી, પા. ૨૮૪, ઈલઝામુનનાસીબ, ૧૮૮, રોઝગારે રેહાઈ ભાગ - ૧, પા. ૪૨૫,હ. ૫૦૬)

આજના ઈલેક્ટ્રોનિક મીડીયાના જમાનામાં એક અવાજ દરેક જગ્યાએ એક સાથે સાંભળવો તે કોઇ મુશ્કેલ નથી. અવાજો અને ફોટાઓ હવાના મોજાઓ ઉપર સફર કરે છે. જો દુનિયાના ગુનેગાર માણસો આ વાતાવરણના મોજાઓથી લાભ ઉઠાવે છે અને એક સમાચાર એકજ સમયે દુનિયાના ખુણે ખુણામાં પહોંચાડી દે છે તો પછી દુનિયાની કઇ વસ્તુ છે જે ઇમામને તાબે નથી અને કોની મજાલ છે કે જે જમાનાના ઇમામના હુકમનું ઉલ્લંઘન કરે.

## બીજા કેટલાક સંયુક્ત ગુણો :

જનાબે ઇદરીસ (અ.સ.) ના પવિત્ર પુસ્તકમાં (સહિફામાં) આ વાત લખેલી છે : જ્યારે શયતાને ખુદા પાસે કયામત સુધીની મુદ્દત માગી ત્યારે ખુદાએ તેને કયામતને બદલે ''વક્તે મઅલુમ'' (નક્કી કરેલા સમય) સુધીની મોહલત આપી અને ફરમાવ્યું : આ મારો અંતિમ ફેંસલો છે. તે દિવસે હું દુનિયાને કુફ્ર, શિર્ક અને ગુનાહોથી પાક કરીશ.

આ સમય માટે મેં મારા એવા બંદાઓને પસંદ કર્યા છે, જેમના દિલોમાં ઇમાન થકી પરીક્ષા કરવામાં આવી છે અને તેઓના દિલોને ગુનાહોથી દૂર, નિખાલસ, યકીન, પાક અને સાફ, તકવા અને પહરેઝગારી, સચ્ચાઇ, સબર, સંયમ અને ધાર્મિકતાથી ભરી દીધા છે. મેં તે લોકોને સૂરજ અને ચાંદને દઅવત આપનાર તરિકે નિમ્યા છે. દુનિયામાં તેઓને મારા ખલીફા નિમ્યા છે. પોતાના પસંદ કરેલા દીન ઉપર તેઓને સત્તા આપી છે. તેઓ માત્ર મારી ઇબાદત કરશે. કોઇને મારો ભાગીદાર નહિ બનાવે. નમાઝ સમયસર પડશે. સમયસર ઝકાત આપશે. અમ્ર બીલ મઅરૂફ અને નહિ અનીલ મુન્કરનો અમલ કરશે. ખુદા તેઓની વચ્ચે મોહબ્બત અને રહેમત કાયમ કરશે. તેઓ એક બીજા સાથે ઝઘડા નહિ કરે. મોટા નાના ઉપર રહેમ કરશે. નાના મોટાઓનું માન જાળવશે. સાચા દીન ઉપર ટકી રહેશે અને તેના મુજબજ ફેંસલાઓ કરશે.

આ છે મારા વલીઓ. મેં તેઓના માટે હઝરત મોહમ્મદ (સ.અ.વ.) ને નબી અને અલી મુરતુઝા (અ.સ.) ને અમીન બનાવ્યા અને આ લોકોને તેમના મદદગાર બનાવ્યા.

આ તે લોકો છે જેમને મેં મારા નબી મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.) અને મારા અમીન અલી મુરતુઝા (અ.સ.) ના માટે ચૂંટી કાઢ્યા. તેઓને મારા ગેબી ઇલ્મમાં છુપાએલા રાખ્યા અને આ બધું જરૂર બનશે. તે દિવસે હું તારા બધા સવાર બહાદુરોને અને લશ્કરને તબાહ અને બરબાદ કરીશ. જા, તને ''વક્તે મઅલુમ'' (મેં નક્કી કરેલ સમય) સુધી છોડી દીધો.

(સઅદ અલ સઉદ, સય્યદ ઇબ્ને તાઉસ પા. ૩૪ બેહાર, ૫૨/૫૮૫ - ૨૪૮, હ. ૧૯૪)

આ એક રિવાયતમાં ઇમામે ઝમાના (અ.સ.) ના અસહાબોના આશરે ૩૦ વિશેષ લક્ષણો દર્શાવવામાં આવ્યા છે. દરેક લક્ષણ તેની જગ્યાએ ખાસ અભ્યાસ માગી લે છે.

### કઠોર કસોટી :

શરૂઆતમાં દર્શાવ્યા મુજબ હઝરત વલી અસ્ર (અ.સ.) ના મિત્રો અને મદદગારોમાં ભળી જવાની દરેકની તમન્ના છે. આ અંગે ઇમામે સાદિક (અ.સ.) ની એક રિવાયત છે. ''જો મને હઝરત કાએમ (અ.સ.) નો જમાનો મળતે તો આખી જીંદગી તેમની સેવા કરતે.''

હઝરત અલી (અ.સ.) એ પણ તે લોકોને પોતાના અસ્હાબ તરીકે દર્શાવ્યા છે. (બેહાર, ૫૨/૧૩૧,હ. ૩૨)

તો શું આ દરજ્જે પહોંચવું સહેલું છે ? હરગીઝ નહિ. આ દરજ્જો મેળવવા માટે કઠોર પરીક્ષામાંથી પસાર થવું પડશે. હઝરત ઇમામ જઅફરે સાદિક (અ.સ.) એ ફરમાવ્યું:

કાએમ (અ.સ.) ની સાથે અરબોની સંખ્યા ઓછી હશે. અરજ કરી : આપે જે ગુણો દર્શાવ્યા છે તે મુજબ તો સંખ્યા વધારે હશે. ફરમાવ્યું : લોકોને જરૂરને જરૂર અજમાવવામાં આવશે, પરખવામાં આવશે, ચુંટી કાઢવામાં આવશે અને તેમાંથી ઘણા લોકો નીકળી જશે.

(બેહાર, ૫૨/૩૪૮, હ. ૯૮)

સીધી સાદી વાત છે કે આટલી મહાન ક્રાન્તિ માટે લોકોને સહેલાઇથી ચૂંટવામાં નહિ આવે. તેઓને કઠોર કસોટીઓમાંથી પસાર થવું પડશે.

### ઇમામના હાથો ઉપર બયઅત કરશે :

હઝરત અલી બીન અબી તાલીબ (અ.સ.) એ એક રિવાયતમાં આ શરતો દર્શાવી છે :

ઇમામે ઝમાના અલયહિસ્સલામના અસ્હાબો આ શરતો ઉપર તેમની બયઅત કરશે :

૧. ક્યારેય ચોરી નહિ કરીએ.
૨. ખરાબ કાર્યો નહિ કરીએ.
૩. કોઇ મુસલમાનને ગાળ નહિ આપીએ.
૪. કોઇને નાહક કતલ નહિ કરીએ.
૫. કોઇને બેઆબરૂ નહિ કરીએ.
૬. કોઇના ઘર ઉપર હુમલો નહિ કરીએ.
૭. કોઇને કારણ વગર નખ નહિ મારીએ.
૮. સોનુ, ચાંદી, ઘઉં અને જવની સંગ્રહખોરી નહિ કરીએ.
૯. કોઇ યતીમનો માલ ખાશુ નહિ.
૧૦. ખાત્રી કર્યા વગર સાક્ષી નહિ આપીએ.
૧૧. કોઇ મસ્જીદને જમીન દોસ્ત નહિ કરીએ.
૧૨. દારૂ નહિ પીઇએ.
૧૩. રેશમી કપડા નહિ પહેરીએ.
૧૪. કોઇનો રસ્તો બંધ નહિ કરીએ.
૧૫. રસ્તા ઉપર શાંતિ ભંગ નહિ કરીએ.
૧૬. સજાતિય વ્યવહારની નજદિક નહિ જઇએ.
૧૭. ઘઉં અને જવની સંગ્રહખોરી નહિ કરીએ.
૧૮. થોડા ઉપર રાજી રહેશું.
૧૯. પવિત્રતાની તરફદારી કરશું.
૨૦. નજાસતથી દૂર રહેશું.
૨૧. અમ્ર બીલ મઅરૂફ કરશું.
૨૨. નહિ અઝ મુન્કર બજાવશું.
૨૩. જાડા કપડાં પહેરશું.
૨૪. માટીને તકીયો બનાવશું.
૨૫. ખુદાની રાહમાં એવી રીતે લડશું જેવી રીતે લડવાનો હક હશે.

હઝરત ઇમામે ઝમાના (અ.સ.) તેઓની પાસેથી આ વાયદો લેશે.

૧. તેમની સાથે સાથે ચાલશે.
૨. તેમની જેવા કપડા પહેરશે.
૩. તેમની જેવા વાહનોમાં સફર કરશે.
૪. તેમની પસંદગી મુજબ કામ કરશે.
૫. થોડા ઉપર રાજી અને સંતોષી રહેશે.
૬. અલ્લાહની મદદથી દુનિયાને ન્યાય અને ઇન્સાફથી ભરી દેશે. જેવી રીતે તે જુલ્મ અને અત્યાચારથી ભરાઇ ગઇ હશે.
૭. ખુદાની એવી રીતે ઇબાદત કરશે જે ઇબાદત કરવાનો હક છે.
૮. તે તેઓના માટે કોઇ ચોકીદાર કે દરવાન નહિ નિમે.

(રોઝગાર રેહાઇ, ભાગ - ૧, પા. ૪૬૫, હ. ૫૬૪, ઇલઝામુન નાસીબ પા. ૨૦૧, મુન્તખબુલ અસર, ૪૬૯)

ઇમામ (અ.સ.) આ બધી શરતો ઉપર પોતાના અસહાબો પાસેથી બયઅત લેશે અને જ્યારે અસહાબો આ શરતોને પુરી કરશે ત્યારે ઇમામ (અ.સ.) એવી રીતે તેઓનું ધ્યાન રાખશે, કે તેઓની સાથે રહેશે. તેઓના જેવું જીવન પસાર કરશે. આને કહે છે ભરપુર મોહબ્બત.

એ યુસુફે ઝહેરા, ગુલે નરગીસ
આ ખુશ નસિબી આપની
મહેરબાનીઓ વગર શક્ય નથી.
એક નજરે કરમ અમો ગુનેહગારોની તરફ
યા અબા સાલેહ - અલ મહદી - અદરિકના !!

# ઝિયારતે આલે યાસીનનો ભાવાર્થ

ઝીયારતે આલે યાસીનના ભાવાર્થની શરૂઆત અમે ગયા વરસે કરી હતી તેમાંના થોડા વાક્યોના અર્થની સમજણ આપી હતી. સ્થળ સંકોચના કારણે એવી કોશીશ કરવામાં આવી છે કે શક્ય તેટલા ટૂંકાણમાં અમારો હેતુ સ્પષ્ટ કરી શકીએ. ગયા વરસે અમે આ ઝીયારતની સનદ અને તેનું મહત્વ કેટલુ છે તે દર્શાવ્યું હતું. આ અંકમાં તેના બીજા હેતુઓ રજુ કરશું.

## (૧૧) السلام عليك اَيُّها الْعَلَمُ الْمَنصُوبُ

'સલામ થાય આપ ઉપર એ ઊંચે ફરકતા ધ્વજ.' અહિં હઝરત બકીયતુલ્લાહ (અ.સ.) ને ઊંચા કરવામાં આવેલ ધ્વજ કહીને સંબોધન કરવામાં આવેલ છે. ઊંચા કરવામાં આવેલ ધ્વજનો આપણે શું અર્થ કરશું ? શક્ય છે કે આ વાક્યનો તેના મૂળ અર્થમાં ઉપયોગ ન કરવામાં આવ્યો હોય. બલ્કે એક શબ્દ 'સાહબ' તેમાં છુપાએલો હોય. એટલે આ વાક્ય મૂળ આ રીતે હોય :

السلام عليك يا صاحب العَلَمِ المنصوب

પછી આ શબ્દ 'સાહબ' ને કાઢી નાખવામાં આવ્યો હોય. તેથી આ વાક્યનો તરજુમો આ રીતે પણ થઇ શકે. ''સલામ થાય આપ ઉપર એ ઊંચા કરવામાં આવેલા ધ્વજના માલિક.'' આ વાક્ય ઇમામે ઝમાના (અ.સ.) નો ખાસ અલમ અને ધ્વજનો ભાવાર્થ દર્શાવે છે. જે ધ્વજનું લહેરાવું હઝરતની ઝુહુરની નિશાનીમાંની એક નિશાની છે.

અલ – અબકરીઉલ હેસાનના લેખક લખે છે હઝરતની ઝુહુરની નિશાનીઓમાંની એક આપનો અલમ (ધ્વજ) છે. કારણ કે આપના ઝુહુરનો સમય નજદિક હશે, ત્યારે આપનો અલમ પોતાની મેળે ફરકવા લાગશે. તે વખતે ખુદાવન્દે આલમ તે અલમને બોલવાની શક્તિ આપશે અને તે પોકારશે : ''એ અલ્લાહના વલી ઝુહુર ફરમાવો અને ખુદાના દુશ્મનોનો નાશ કરો.''

(અલ-અબકરીઉલ હેસાન, ભાગ-૨, અન-નજમુઝ-ઝાહેર, પા-પર)

ઇમામે ઝમાના (અ.સ.) પાસે ત્રણ અલમ હશે. એક ઉપર લખેલું હશે :

اَلیَومَ اَکمَلتُ لَکُم دِینَکُم وَاَتمَمتُ عَلَیکُم
نِعمَتِی وَرَضِیتُ لَکُمُ الاِسلَامَ دِینًا

(સુરએ માએદહ, આયત : ૦૩)

બીજા ઉપર લખેલું હશે :

یُوفُونَ بِالنَّذرِ وَیَخَافُونَ یَومًا کَانَ شَرُّهٗ مُستَطِیرًا

(સુરએ દહર, આયત : ૦૭)

ત્રીજા ઉપર લખેલું હશે

لَا اِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَسُولُ اللّٰه عَلِیٌّ وَلِیُّ اللّٰهِ وَ خَلِیفَتُهٗ الْحَسَنُ
وَالْحُسَینِ وَالتسعة مِنْ وُلْدِ الْحُسَینِ اَوْصِیائهٗ

(બગયતુત તાલીબી ફીમન રાઇલ ઇમામુલ ગાએબ, પા. ૩૯)

ઇમામ સાદિક (અ.સ.) ફરમાવે છે કે ઇમામે ઝમાના (અ.સ.)નો અલમ તે ખાસ અલમ હશે જે હઝરત જીબ્રઇલ બદરની લડાઇમાં જન્નતમાંથી લાવ્યા હતા અને રસુલે અકરમ (સ.અ.વ.) ને હવાલે કર્યો હતો. આ એજ અલમ હતો જે હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.) એ જમલની લડાઇમાં લહેરાવ્યો હતો અને વિજય અને સફળતા આપના ચરણોમાં ઢળી પડ્યા હતા. તે પછી આપે તે સંકેલીને પોતાના પુત્ર ઇમામે હસને મુજતબા (અ.સ.) ને હવાલે કર્યો અને આપના એક પછી એક દરેક ઇમામે હકે તેમના વારસદારને વારસા અને ખજાના તરીકે સોંપ્યો. પરંતુ કોઇએ તેને ફરકાવ્યો નહિ. હવે અલમ માત્ર અને માત્ર આ પવિત્ર ખાનદાનના કાએમ, મહદીએ આલે મોહમ્મદ અજ્જલલ્લાહો તઆલા ફરજહના હાથે ફરકાવવામાં આવશે.

(કમાલુદ્દીન, પા. ૬૭૨, ગયબતે નોમાની, પા. ૩૦૭)

## (૧૨) وَالْعِلْمُ الْمَصْبُوبُ

સલામ થાય આપ ઉપર એ તે ઇલ્મ જેને વેડફી નાખવામાં આવ્યું હોય. અથવા વહાવી દેવામાં આવ્યું હોય.

مَصبوب શબ્દ કર્તા છે. તેને صبّ થી જોડવામાં આવ્યો છે. જેનો અર્થ વહેડાવવું અથવા ઉલાળવું.

આ વાક્ય પણ અગાઉના વાક્યની જેમ બે શક્યતાઓ ધરાવે છે. એક તો એ કે ઇમામે ઝમાના (અ.સ.) ઇલ્મે

મસ્બુબ ધરાવે છે. અને બીજુ એ કે આપ ખુદ પોતાની જાતે 'ઇલ્મે મસ્બુબ' છે. હવે અહિં આવીને કલમ પોતાની પરવશતા દર્શાવે છે. હાથમાંથી પડી જાય છે અને પોતાની મેળે પોકારવા લાગે છે, એ જહલે મસબુબ ! તારી આ હિમ્મત કે ઇલ્મે મસ્બુબની હકીકત લખે ! તરતજ અલ્લાહની બારગાહમાં હાથ ઊંચા કરીને માફી માગી અને કલમ સાથે વાયદો કર્યો કે ઇલ્મે મસબુબ માટે એ જ લખાશે જે પવિત્ર ઇમામો એ કહ્યું છે. આવો ! જોઇએ કે હઝરત વલી અસ્ર (અ.સ.) ના ઇલ્મને ઝીયારતોમાં હદીસોમાં અને દોઆઓમાં કેવી રીતે યાદ કરવામાં આવ્યું છે. (વાંચકોને વિનંતી છે કે ખૂબ ધ્યાનપૂર્વક વાંચો)

السلام عليك يا وَارِثَ كَنزِ العُلُومِ الالٰهِيَّة

સલામ થાય આપ ઉપર હે ખુદાના ઇલ્મોના ખજાના
(મિસ્બાહુલ ઝાએર પા. ૪૩૭, બેહાર, ૧૦૨/૨૨૬)

السلام عليك يا مَعْدِنَ العلومِ النبُوِيَّةِ

સલામ થાય આપ ઉપર પયગમ્બરના ઇલ્મોનાં ખજાના અને ખાણ. (બેહાર, ૧૦૨/૧૧૭)

اِنَّكَ حَائِزُ كُلِّ علمٍ

ખરેખર આપ દરેક ઇલ્મ અને બુદ્ધિના સંગ્રહ છો.
(બેહાર, ૯૯/૧૦૨, મીસ્બાહુઝ ઝાએર, પા. ૪૩૭)

اِنَّكَ خَازِنُ كُلِّ عِلمٍ وَفَاتِقُ كُلِّ رَتقٍ

યકીનથી આપ દરે ઇલ્મ અને બુદ્ધિના ખઝાનેદાર છો અને દરેક બંધન (અર્થાત ઇલ્મની ગાંઠ) ને ખોલનારા છે.
(મફાતીહુલ જીનાન, ઝીયારતે સાહેબુલ અમ્ર, બીજીઝીયારત, પા. ૯૬૧)

السلام على الحقّ الجَديد وَالعَالم الَّذِىْ عِلْمُهٗ لَا يَبِيدُ

સલામ થાય નવા હક ઉપર (નવા હકનો અર્થ એ છ કે ઇમામે ઝમાના (અ.સ.) હકની કાયાપલટ કરશે અને નવેસરથી રચના કરશે કારણ કે આપના ઝુહુરની પહેલા હક કહેવું ઓળખવાને પાત્ર ન હશે.) અને (સલામ થાય) તે આલીમ ઉપર જેનું ઇલ્મ કદી પણ નાશ નહિ પામે.
(બેહાર, ૧૦૨/૨૨૮)

દોઆએ નુદબામાં આપણે પડીએ છીએ اَيْنَ اعلام الدِّين وَقَواعِدُ العِلمِ ક્યાં છે દીનના પરચમ અને ઇલ્મની બુનિયાદ. અને આ દોઆમાં ખુદ હઝરતને આ રીતે સંબોધન કરીએ છીએ. يَابْنَ العُلُومِ الكَامِلة એ પરિપૂર્ણ ઇલ્મ અને હિકમતના ફરઝન્દ.

ઇમામ બાકિર (અ.સ.) ફરમાવે છે :

اِنَّ العلم بِكِتَابِ اللّٰهِ وَسُنَّةِ نَبِيِّهٖ

يَنبُتُ فِى قلب مَهْدِيِّنَا كَمَا يَنبُتُ الزَّرْعُ عَلٰى اَحسَنِ نَبَاتِهٖ

જે રિવાયતો અમે અહિં રજુ કરી છે તે માત્ર થોડાં નૂમનાઓ છે, ઇલ્મે મસબુબના બારામાં, અને એ એવી રીતે છે, જેવી રીતે કોઇ કાઠે ઊભો રહીને દરિયાની વિશાળતા જોઇને મુગ્ધ બની જાય. હજી આ માટીની જમીનને નવજીવનનો સંદેશો નથી મળ્યો. હજી પ્રકાશમય પ્રભાતનો ઉદય નથી થયો. હજી ઇલ્મે મસબુબના માલિકની સામે તેમના એ ખાસ અસહાબો નથી આવ્યા જે આપની હકુમતની વ્યવસ્થા ગોઠવનાર હશે. જેની ઉપર આપનું ખાસ ધ્યાન હશે. તેથી આ ઇલ્મના ઝરણાઓ આપની પાક અને પવિત્ર ગુણો ધરાવતી હસ્તીમાં મોહર બંધ છે. એ ઇલ્મ જે ઝાતમાંજ નૂર હોય એ એની (ઝાતની) સમજની બહાર છે જે ઝાતમાંજ અંધકાર હોય. અને એટલું ઉચ્ચસ્થાન ધરાવે છે કે વિચાર શક્તિનાં અશ્વો પણ ત્યાં સુધી ઉડી નથી શકતા. ખરેખર આપના ઇલ્મની કલ્પના કરવી પણ આપણા માટે અશક્ય છે. જરા વિચાર કરો એક લાખ ચોવીસ હજાર નબીઓ અને રસુલો આવ્યા અને તે સૌએ અલ્લાહના ઇલ્મના માત્ર બે અક્ષરોને ખોલી શક્યા અને જ્યારે હઝરત વલી અસ્ર (અ.સ.) આવશે ત્યારે બીજા ૨૫ અક્ષરો વધુ રજુ કરશે. સુબ્હાનલ્લાહુલ અઝીઝુલ જબ્બાર ! સર્વ પ્રસંશા તે મહાન સર્જનહારની છે. તે સર્વશક્તિમાન અલ્લાહની છે. તે પેદા કરનારની છે જેણે પોતાના નૂરથી પોતાના વલીને પેદા કર્યા અને જેની નુરાની જાતથી જમીન અને આસમાનમાં પ્રકાશ ફેલાએલા છે. આપણે તો તેમના વ્યક્તિગત ગુણ અને વિશેષતાઓના વિચાર અને એહસાસ કરવાથી પણ લાચાર છીએ. તેથી નિખાલસ દિલથી પોતાના અસ્તિત્વના તમામ વિચારો, દ્રષ્ટિ અને શક્તિને સમેટીને આ અવાજ આપી રહ્યા છીએ:

السلام عليك اَيُّها العَلَمُ المَنصُوبُ وَالعِلْمُ المَصبُوبُ

ધ્યાન આપવાને પાત્ર એ છે કે જે ઇલ્મ અગાઉના નબીઓ લાવ્યા હતા, તેમણે પોતાના પૂરા ઇલ્મની પણ પોતાની ઉમ્મતના સામે જાહેરાત કરી ન હતી અને ઘણું છુપું રાખ્યું જેને જાહેર કરવાનું માત્ર ખાસ વ્યક્તિઓ માટે નક્કી કરેલું હતું. તેથી રિવાયતોમાં મળે છે કે રસુલે અકરમ (સ.અ.વ.) એ ક્યારે પણ અસહાબોની સાથે પોતાની દિર્ઘ અક્કલથી વાતચીત નથી કરી. આ દીર્ઘ અને ઉંડાણ

માત્ર મઅસુમ ઇમામો (અ.સ.) ની પવિત્ર જાતની પાસે મૌજુદ છે. આને જ કહે છે ઉચ્ચ મરતબો ધરાવતા ઇસ્લામના પયગમ્બરની છાતીમાં અલ્લાહના જે ભેદો અને રહસ્યો હતા, તે એક છાતીથી બીજી છાતી થકી અંતિમ વારસદાર સુધી તબદીલ થતા રહ્યા. પરંતુ ઇમામે ઝમાના (અ.સ.) ની ગયબતે કુબરામાં બાતીલ ઇલ્મનું જોર વધતુ ગયું. ઇમામ પોતાની જવાબદારીઓને એ જ બે અક્ષરોના ઇલ્મથી પૂરી કરી રહ્યા છે. આ જ કારણ છે કે જ્યારે એક ટીપાં ઇલ્મથી મોહમ્મદ બીન મોહમ્મદ બીન નોઅમાનને નવાજે છે, ત્યારે તે તેનાથી લાભ ઉપાડે છે. શરીઅતનો લાભકર્તા, એક જાં-બાઝ, ક્યારેક એક બિન્દુ સય્યદ રઝીયુદ્દીન બીન તાઉસ ઉપર નાખે છે, તો તે દોઆ અને ઝીયારતના રક્ષણહાર બની જાય છે. ક્યારેક હસન બીન યુસુફ બીન મોતહહરને તૃપ્ત કરે છે, તો તે અલ્લામા હિલ્લી થઇ જાય છે. ક્યારેક અહમદ બની મોહમ્મદ અલફીના મુબારક કાનમાં કાંઇક કહે છે તો તે આયતે ફીકહ વ બસીરતે મુકદ્દસે અરદેબેલી બની જાય છે. તેવી જ રીતે દરેક યુગમાં થોડી એવી વ્યક્તિઓ છે, જેઓને ઇલ્મે મસબુબના માલીકે એક મામુલી બિન્દુથી નવાજ્યા અને તેઓએ ઉચ્ચસ્થાનોથી ઇલ્મના તારાઓને તોડી લીધા. તેથી, હક તઆલા તેની હુજ્જતને ઇલ્મથી નવાજે છે. એટલે કે અલ્લાહ = સાબ્બ صابّ (ઇલ્મના ધોધ વરસાવવાવાળો છે) અને ઇમામ = મસબુબ છે. ખુદ ઇમામે ઝમાના (અ.સ.) લોકોને આ ઇલ્મમાંથી જ્યારે થોડાં બિન્દુ આપે છે અને આપશે ત્યારે ઇન્શાઅલ્લાહ તે સમયે ઇમામ = સાબ્બ ઇલ્મનો ધોધ વરસાવવાવાળા હશે. અને આલીમો = મસબુબ. કદાચ ઇલ્મુલ મસબુબનો અર્થ અને મતલબની થોડી સમજણ થઇ ગઇ હશે.

અહિં ત્રીજો મહત્વનો મુદ્દો એ છે કે આ ઈલ્મ પ્રત્યેની આપણી ફરજ એ છે કે આપણે હંમેશા અહલેબય્તના દરવાજા ઉપર સંપૂર્ણ નમ્રતાની સાથે દોઆ માટે હાથ ઉંચા કરીએ અને જીભ ઉપર આ વાક્ય સતત બોલતા રહીએ. ''મવલા અમે ઇલ્મ અને હિકમત માત્ર આપના પાસે જ માગીએ છીએ. બીજા કોઇ પાસે નહિ.'' આ ઉપરાંત આપણા અમલથી પણ પુરી કોશીશ કરવી જોઇએ કે બીજા કોઇની સામે હાથ લાંબો ન કરીએ.

## (૧૩) وَالْغَوْثُ

અરબી ભાષામાં غوث મૂળરૂપ છે. અને તેનો અર્થ મદદ કરવી, રક્ષણ આપવુ, સહારો આપવો, ફરિયાદ દૂર કરવી થાય છે. દોઆઓ અને ઝીયારતોમાં غوث અને غياث શબ્દ ખુદા તઆલાના એક સાથે લેવાતા નામ તરીકે ઘણી જગ્યાઓએ ઉપયોગ કર્યો છે. દા.ત.

يَاغياثَ الْمُسْتَغِيثِيْنَ !

يَا غياثَ مَنْ لاَ غيَاثَ لَهٗ ! يَا غِيَاثِیْ عِندَ كُرُبَتِیْ !

(જવશને કબીર, ૧૧,૧૪ અને ૨૮)

પહેલા તબક્કામાં મૂળ અને સાચી غوث (રક્ષણની જગ્યા) ખુદ અલ્લાહ તઆલા છે. પરંતુ તેના વલીઓ, જેવી રીતે બીજા ગુણોમાં તેના સંપૂર્ણતા ગુણોની જાહેર થવાની જગ્યા અને પ્રતિબિંબ છે, તેવી જ રીતે રક્ષણ આપવામાં અને ફરિયાદ દૂર કરવામાં પણ તેમનું પૂરેપુરૂં પ્રતિબિંબ છે. તેથી આપણે તે જોઇએ છીએ કે દોઆઓમાં અને ઝીયારતોમાં આપણા મઅસુમ ઇમામો (અ.સ.) ને રક્ષણ આપનારના લકબથી યાદ કરવામાં આવ્યા છે.

દાખલા તરીકે ૧૭ રબીઉલ અવ્વલની ઝીયારત અમીરૂલ મોઅમેનીનની ઝીયારત જે સાદિકે આલે મોહમ્મદ ઇમામ સાદિક (અ.સ.) એ નકલ કરી છે. આ ઝીયારતમાં આપણે હઝરત અલી (અ.સ.) ને આ રીતે સલામ કરીએ છીએ.

السلام عليك يا غِياثَ الْمَكْرُوْبِيْنَ

(બેહાર, ભાગ - ૧૦૦, પા. ૩૭૫, મફાતી (ઉર્દૂ) પા. ૫૩૭)

આ તે ઝીયારત છે જેની તાલીમ ઇમામ સાદિક (અ.સ.) એ પોતાના વિશ્વાસપાત્ર સહાબી મોહમ્મદ બીન મુસ્લિમને આપી હતી.

સય્યદુશ્શોહદા ઇમામ હુસયન (અ.સ.) માટે પણ આ ગુણ દર્શાવી શકાય. શહાદત પછી આપની અહલેબયત ઉપર ગુજરનાર અત્યાચારો વિષે રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું :

وَاَمَّا الحسينُ فَاِنَّهٗ مِنِّی وَهُوَابْنِی

وَوَلَدِی ...... وَغِيَاثُ الْمُسْتَغِيْثِيْنَ۔

(અને હુસયન મોહમ્મદથી છે. અને તે મારો પુત્ર છે. અને ફરિયાદ કરનારાની ફરિયાદને દૂર કરનાર છે.)

(બેહાર, ભાગ - ૨૮, પા. ૩૯, આ'માલી સદૂક, પા. ૧૦૧- મજલીસ -૨૪)

આવી જ રીતે બીજા ઇમામો માટે પણ આ ગુણને દર્શાવવામાં આવેલ છે. ઇમામ સાદિક (અ.સ.) પોતાના પૌત્ર તખ્ત નશીન સુલ્તાન હઝરત ઇમામ અબુલ હસન અરરેઝા (અ.સ.) ના બારામાં ફરમાવે છે.

يُخْرِجُ اللّٰهُ مِنْهُ غَوْثَ هٰذِهِ الْاُمَّةِ وَغِيَاثَهَا

એટલે ખુદાવન્દે આલમ મારા આ પુત્ર મુસા અલકાઝીમથી આ ઉમ્મતની ફરિયાદને દૂર કરનારાને જાહેર કરશે.

(ઓયુનીલ અખબાર અરરઝ, ભાગ - ૧, પા. ૨૩)

ઝીયારતે જવાદીયામાં પણ આપણને મળે છે

السَّلَامُ عَلٰی غَوْثِ اللَّهْفَانِ

સલામ થાય. દુઃખી લોકોના રક્ષણની જગ્યા.

(બેહાર, ભાગ - ૧૦૨, પા. ૫૩)

આવી જ રીતે આપણા ઇમામ, હઝરત અબા સાલેહ અલ મહદી (અ.સ.) ને આપના માનનીય દાદા હઝરત રસુલે અકરમ (સ.અ.વ.) એ આ પ્રકારના ગુણથી શણગાર્યા છે. અહિં આપણી ધાર્મિક ફરજ એ થાય છે કે આપણી પરેશાની ગમે તે પ્રકારની હોય, નાની હોય કે મોટી, દીની હોય કે દુન્યવી, વ્યક્તિગત હોય કે સામૂહિક, આપણે માત્ર અને માત્ર ઇમામે ઝમાના (અ.સ.) પાસેથી માગવું જોઇએ. અને દુનિયાના બાકીના પીરો અને બાબાઓ ઉપર ધ્યાન આપવું ન જોઇએ. ખુદાની તરફથી આટલી મહાન શરણ મેળવવાની જગ્યા હોવા પછી બીજા કોઇના દરવાજે હાજત માગવી તે મોહબ્બત અને વિલાયતની વિરૂદ્ધ છે.

### માંગણીનું સ્વરૂપ

જો આપણે ઇમામ (અ.સ) પાસેથી મદદ માંગવી હોય તો કેવી રીતે માંગવી તેવો પ્રશ્ન મોટા ભાગના લોકોના મનમાં પેદા થાય છે.

પ્રથમ :

જો આપણે દિલના ઉંડાણમાંથી આપણા ઇમામને પોકારીએ, તો પછી ગમે તે ભાષામાં પોકારીએ, તો તે વિશ્વાસપૂર્વક આપણી ફરિયાદને સાંભળશે.

બીજું :

મઅસુમોએ દોઆઓ અને ઝીયારતોમાં માગવાની રીત શીખવાડી છે. અહિં ટૂંકાણમાં થોડા વાક્યો રજુ કરીએ છીએ. જે માનનીય વાંચકો યાદ કરી શકે છે. અને પોતાની દોઆઓમાં ઉમેરી શકે છે.

يَا صَاحِبَ الزَّمَانِ اَغِثْنِي يَا صَاحِبَ الزَّمَانِ اَدْرِكْنِي

يَا مُحَمَّدُ يَاعَلِيُّ يَا فَاطِمَةُ يَا صَاحِبَ الزَّمَانِ اَدْرِكْنِي

وَلَا تُهْلِكْنِي يَااَبَا الْقَاسِمِ اَغِثْنِي يَا اَبَا صَالِحِ

الْمَهْدِي اَدْرِكْنِي اَدْرِكْنِي وَلَا تَدَعْنِي فَاِنِّي ذَلِيْلٌ عَاجِزٌ

يَا مَوْعُوْدَ الْمُنْتَظَرُ اُنْظُرْ اِلَى الْمُحْتَضَرِ۔ الْمُسْتَغَاثُ بِكَ

يَاصَاحِبَ الزَّمَانِ۔

ત્રીજું

ઇમામે ઝમાના (અ.સ.) અલયહિસ્સલામ પાસે માગણી કરવા માટે કોઇ ખાસ સમય કે સંખ્યા નક્કી કરવામાં નથી આવી. તેથી જ્યારે પણ આપણું દિલ ચાહે અથવા જ્યારે પણ જરૂરિયાત ઊભી થાય ત્યારે આપણે આ વાક્યોથી માગણી કરી શકીએ છીએ. દરેક સમય યોગ્ય છે. દિવસ, રાત, દરરોજ, દર મહિને, વિગેરે

## (૧૪) وَالرَّحْمَةُ الْوَاسِعَةُ

(સલામ થાય આપ ઉપર એ વિશાળ રહેમતવાળા)

આયતો અને રિવાયતો ઉપર એક ઉડતી નજર નાખવાથી જણાઇ આવે છે કે આ વિશાળ રહેમતની આ ઇબાદતનો ઉપયોગ માત્ર અલ્લાહ માટે જ કરવામાં આવ્યો છે.

فَقُلْ رَبُّكُمْ ذُوْرَحْمَةٍ وَاسِعَةٍ

(સુરએ અન્આમ : ૧૨૭)

અને (એ રસુલ !) કહી દો કે તમારો પરવરદિગાર વિશાળ રહેમતનો માલિક છે.

અસ્રની નમાઝની તઅકીબાત, જે હઝરત ફાતેમા સલામુલ્લાહે અલયહાએ સૂચવી છે, તેમાં આપણે પઢીએ છીએ :

اَللّٰهُمَّ ذا الرَّحمة الْوَاسِعَةِ

અને દોઆએ કોમૈલની શરૂઆતમાં આ રીતે સવાલ કરીએ છીએ.

اَللّٰهُمَّ اِنِّي اَسْئَلُكَ بِرَحْمَتِكَ الَّتِيْ وَسِعَتْ كُلَّ شَيْءٍ

હક તઆલાની જાત પછી આ પ્રસંશા માત્ર ઇમામે ઝમાના અજ્જલલ્લાહો તઆલા ફરજહના માટે છે.

તદુપરાંત, પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.) ના માટે કુરઆને મજીદે એલાન કર્યું છે.

وَمَا اَرْسَلْنٰكَ اِلَّا رَحْمَةً لِلْعَالَمِيْنَ

અને બિલ્કુલ આવું જ લખાણ આપના છેલ્લા ફરઝન્દ હઝરત મહદી (અ.સ.) ના માટે હદીસે લવ્હમાં છે.

وَاُكَمِّلُ ذٰلِكَ بِاِبْنِهٖ م ـ ح ـ م ـ د رَحْمَةً لِلْعَالَمِيْنَ

(કમાલુદ્દીન, પ્ર. ૨૮, હ. - ૧, પા. ૩૧)

અને હું (એટલે ખુદાવન્દે આલમ) ઇમામતના સિલસિલાને તેમની (એટલે ઇમામ હસન અસ્કરી અ.સ.) ના ફરઝન્દ 'મ-હ-મ-દ' થી પુરૂં કરીશ જે દુનિયાઓને માટે રહેમત છે.

આપને 'વિશાળ રહેમત' કહેવામાં આવ્યા છે, કારણ કે જ્યારે આપ પધારશે ત્યારે દુનિયામાં કોઇ એવી વ્યક્તિ બાકી રહી નહિ હોય કે જે ઇમાન ન લાવી હોય. આ અર્થનો વિસ્તાર કરતાં ઇમામ સાદિક (અ.સ.) ફરમાવે છે કે ઝુહુરની પછી જ્યારે મક્કાવાસીઓ ઇમામે ઝમાના (અ.સ.) એ નિમણુંક કરેલ બે પ્રતિનિધિઓને એક પછી એક કતલ કરશે ત્યારે ત્રીજી વખત ઇમામ (અ.સ.) પોતાની ફોજને આ સંદેશા સાથે રવાના કરશે, જાવ અને તેઓમાંના કોઇ એકને પણ બાકી ન રાખતા, સિવાય એ કે તેઓ ઇમાન લાવે કારણ કે જો તમારા પરવરદિગારની રહેમત દરેક વસ્તુને ઘેરેલી છે તો હું તે રહેમત છું. યકીનથી હું પણ તમારી સાથે તેઓની તરફ પાછો ફરતે જેથી તેઓની અને અલ્લાહની વચ્ચે અને મારી અને તેઓની વચ્ચે કોઇપણ બહાનું બાકી ન રહે. (બેહાર, ભાગ - ૫૩, પા. ૧૧)

આપે જોયું ઇમામ (અ.સ.) એ પોતાની ઓળખ આ રીતે અલ્લાહ ની રહેમતથી ઘેરાએલાની હયસીયતથી કરાવી અને તેનું કારણ પણ કહ્યું.

## (૧૫) وَعْدًا غَيْرَ مَكْذُوبٍ

આ લખાણનો અર્થ અહિં નથી લખતાં કારણ કે તેની પહેલાં

السلام عليك يا وَعد الله الّذى ضَمِنَهُ

માં જે કાંઇ અમે લખ્યું છે પુરતું ગણીએ છીએ.

હવે તેની પછી આ ઝીયારતમાં સલામના આઠ વાક્યો છે. જે એક બીજા સાથે જોડાએલા અને સંલગ્ન છે. અને જે શબ્દ તેને જોડે છે તે છે حِيْنَ અરબી ભાષામાં حِيْنَ શબ્દ કાળની (સમય) નિશાની છે એટલે 'જે તે સમયે' તેથી આ વાક્યોમાં જ્યારે આપણે ઇમામે ઝમાના (અ.સ.) ને સલામ કરીએ છીએ ત્યારે તે સમયને નજરમાં રાખીને સંબોધન કરીએ છીએ કે જેમાં આપ જીવન પસાર કરી રહ્યા છે.

## (૧૬) السلام عليك حين تَقُوْمُ۔

## (૧૭) السلام عليك حين تَقْعُدُ۔

સલામ થાય આપ ઉપર જ્યારે આપ ઊભા થાઓ છો અથાવ ઊભા રહો છો. સલામ થાય આપ ઉપર જે સમયે આપ બેસો છો . (આ વાક્યમાં અને બાકીના છ વાક્યોમાં જે અગત્યની વાત છે તે એ છે કે તેમાં જેટલા કાર્યોનો ઉપયોગ કરવામાં આવ્યો છે, તે બધા વર્તમાન અને ભવિષ્યના મૂળરૂપમાં છે.) تَقُوْمُ એટલે ઊભું થવું અને تَقْعُدُ એટલે બેસવું. શક્ય છે કે અહિં قيام અને قعود (ઊભું થવું અને બેસવુંનો સાંકેતીક સૂચન તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હોય. જેવી રીત નબી (સ.અ.વ.) ની આ હદીસમાં કહેવામાં આવ્યું છે :

الحَسَنُ وَالْحُسَيْنُ اِمَامَانِ قَامَا اَوْ قَعَدَا

એટલે હસન અને હુસયન (અ.સ.) બન્ને ઇમામ અને પેશ્વા છે જુએ તો તેઓ ઊભા રહે કે બેસી રહે.

(એલલુશશરાએઅ,હ. - ૨,પ્ર. ૧૫૯, પા. ૨૧૧)

અહિ قيام નો અર્થ પોતાના હકો મેળવવા માટે જંગ કરવાનો છે. અને قعود નો અર્થ થાય છે કે સંજોગોને આધિન સુલેહ કરવી અને પોતાના હકો માટે આગ્રહ ન સેવવો. આ માત્ર એટલા માટે કે આવા સંજોગોમાં લડાઇ ઝઘડા ઇસ્લામ અને મુસલમાનોના પક્ષે ફાયદાકારક નથી. આ અર્થોને ધ્યાનમાં રાખીને અમે ઉપરોક્ત દર્શાવેલ વાક્યોનો તરજુમો આ રીતે કરી શકીએ છીએ. ''સલામ થાય આપ ઉપર એ ઇમામે અસ્ર (અ.સ.) જ્યારે આપ ઝુહુરના માટે ઊભા થશો (અને) સલામ થાય આપ ઉપર જે સમયે આપ ગયબતના પરદામાં બેઠા છો'' અને ધીરજની કસોટીમાંથી પસાર થઇને પોતાના ઝુહુરમાં ઝડપ કરવા માટે દોઆ કરો છો.

## (૧૮) السلام عليك حين تَقْرَءُ وَ تُبَيِّنُ

સલામ થાય આપ ઉપર જે સમયે આપ (કુરઆને પાકની) કીરઅત કરી રહ્યા છો અને (તેની તફસીર) બયાન ફરમાવી રહ્યા છો.

અરબી ભાષાના નિયમ મુજબ قَرَءَ يَقْرَءُ ક્રિયાપદ છે, એટલે જે તે ક્રિયા કરવામાં આવી રહી હોય. જ્યારે તમે કહો, તે વાંચી રહ્યો છે તો એ સવાલ પણ થશે કે શું વાંચી રહ્યો છે? સામાન્ય રીતે આલીમોએ આ વાક્યમાં 'તકરઓ'નો અર્થ કુરઆને કરીમની કિરઅત લીધો છે. પરંતુ આ માત્ર એક ધારણા છે. શક્ય છે કે ઇમામે ઝમાના (અ.સ.) પોતાના માનનીય દાદા અમીરૂલ મોઅમેનીન (અ.સ.) ની કિતાબે જામેઆની કિરઅત કરી રહ્યા હોય. અથવા શક્ય છે આપ પોતાના મઝલુમા વાલેદાહ, હઝરતે ઝહરા સલામુલ્લાહે અલયહાના સહીફાઓ ઉપર નજર ફેરવી રહ્યા હોય અથવા શક્ય છે કે આપ જફરની કિતાબને જોઇ રહ્યા હોય.

ટૂંકમાં આ લખાણ અને તેના ખુલાસઓને ધ્યાન રાખીને

આપણા ઈમામે ઝમાના (અ.સ.) ઉપર તે સમયે સલામ થાય જ્યારે આપ કિતાબ વાંચી રહ્યા હોય અને આપની મુબારક જીભ ઉપર તેનું બયાન ચાલુ હોય.

હવે અહિં એક બીજો સવાલએ પેદા થાય છે કે કોની સાથે ચર્ચા કરી રહ્યા છે ? કોણ છે તે ખુશનસીબ વ્યક્તિઓ જેઓને ઈમામે ઝમાના (અ.સ.) કિતાબોની સમજણ અને અર્થ સમજાવી રહ્યા છે ?

માનનીય વિદ્વાન મરહુબ ઇબ્ને અબી ઝયનબ મોહમ્મદ બીન ઇબ્રાહીમ નોઅમાનીએ પોતાની અમુલ્ય કિતાબ 'ગયબત'માં ઈમામ સાદિક (અ.સ.) થી એક હદીસ નકલ કરી છે જે કેટલાક અંશે આ સવાલનો જવાબ આપે છે.

لَا بُدَّ لِصَاحِبِ هٰذَا الْاَمْرِ مِنْ غَيْبَةٍ وَلَا بُدَّلَهٗ فِيْ غَيْبَتِهٖ مِنْ عُزْلَةٍ وَنِعْمَ الْمَنْزِلُ طَيِّبَةُ وَمَا بَثَلَا ثِيْنَ مِنْ وَحْشَةٍ

(ગયબતે નોઅમાની,પા.૧૮૮, કાફી, ભા.૧, પા.૩૪૦, બેહાર, ૫૨/૧૫૩)

આ હુકમના માલિક (એટલે ઈમામે ઝમાના અ.સ.) ના માટે ગયબત ફરજિયાત છે. અને આ ગયબત દરમ્યાન આપનું એકાંત અને જુદાઇ પણ ફરજિયત અને જરૂરી છે. (ગયબતના આ સમય દરમિયાન) કેટલું સુંદર સ્થાન છે મદીના, અને આપ ૩૦ વ્યક્તિઓના કારણે ગભરામણ અન એકાકીપણાનો શિકાર નથી થતાં (આ ૩૦ વ્યક્તિઓ ખાસ વ્યક્તિઓ છે, જે હર ઘડી અને હરપળે આપના દરવાજા ઉપર રોકાએલા છે અને આપના પવિત્ર અસ્તિત્વના પરવાના છે.) શક્ય છે કે ગયબતના આ ફિત્ના ફસાદથી ભરપૂર સમયગાળામાં ઈમામે અસ્ર (અ.સ.) પોતાના ખાસ અસહાબોના માટે કોઇ કલાસની ગોઠવણ કરતા હોય અને તેમના કાર્યક્રમાં આપ તેઓને દીનના નવા નવા ઝીણવટભર્યા મસઅલાઓથી માહિતગાર કરી રહ્યા હોય ? કાશ.... !

માત્ર ચિત્ર જ પુરતુ છે કે આંખો ભરાઇ આવે છે દોઆ માટે હાથ ઉંચા થાય છે. દિલ ભરાઈ આવે છે. આંસુ વહેવા લાગે છે. આક્રંદ અને રૂદન શરૂ થઇ જાય છે. ''ક્યાં છે, ક્યાં છે,'' ના અવાજો બુલંદ થાય છે. દિલ પણ ખુનના આંસુથી રડવા લાગે છે અને પોતાના ઉંડાણમાંથી પોતાના ઈમામ (અ.સ.) તરફ ધ્યાન આપે છે. અને દોઆએ અરફાના આ વાક્યને દોહરાવે છે.

اَنَا الْجَاهِلُ فِيْ عِلْمِي فَكَيْفَ لَا اَكُوْنَ جَهُوْلًا فِيْ جَهْلِي ؟

(બેહાર ૯૮/૨૨૫, મફાતી અઅમાલે રોઝે અરફા દોઆએ ઈ. હુસયન અ.સ.)

જ્યારે હું મારા જ્ઞાનમા અજ્ઞાત છું પછી મારી અજ્ઞાનતામાં કેવી રીતે જાહીલ ન હોઉ ? મવલા ! જો એક મોઅલ્લીમ પોતાના ક્લાસમાં પોતાના વિદ્યાર્થીને એક વખત આવવાથી રોકી લે છે તો વિદ્યાર્થી બેચેન બની જાય છે તડપવા લાગે છે. મવલા ! અમે એ કારણે તડપી રહ્યા છીએ કે આપ એક વખત આપના ક્લાસમાં અમને આમંત્રણ આપો ! બારે ઈલાહા ! ઈમામે ઝમાના (અ.સ.) ના ઝુહુરમાં ઝડપ કર કે અમને એ લાભ મળે કે આપના દર્સમાં હાજરી આપી આપના વિશાળ ઇલ્મનાં દરીયાનાં થોડાક ટીપાઓ તો નહી પણ થોડીક એ દરીયાના ફીણની નમી (તરી) નો લાભ લઇ શકીએ.

## السلام عليك حين تُصَلِّي وَ تَقْنُتُ (૧૯)

સલામ થાય આપ ઉપર જ્યારે આપ નમાઝ પડી રહ્યા હો અને કુનુતમાં દોઆ માગી રહ્યા હો.

صلوة નો ડીક્ષનરીમાં અર્થ છે, દોઆ અને તસ્બીહ. પરંતુ ખાસ અર્થમાં વાસ્તવમાં તેનો મતલબ નમાઝ છે, જે શરીઅતે આપણા ઉપર વાજીબ કરી છે. (અથવા મુસ્તહબ છે.) તેવી જ રીતે કુનુતનો ડીક્ષનરીનો અર્થ છે ખુદાની બારગાહમાં તાબેદારી અને બંદગી કરવી પરંતુ વાસ્તવિક અર્થમાં નમાઝમાં દોઆ માગવાને કુનુત કહે છે.

આ સલામમાં આપણે વલી અસ્ર અજલલ્લાહો તઆલા ફરજહુના પવિત્ર અસ્તિત્વને બે શિર્ષકથી સલામ કરીએ છીએ. એક નમાઝ અને બીજુ કુનુત. ખરેખર આપણને શું ખબર કે આપની નમાઝ કેવી છે અને કુનુત કેવું છે. બસ આટલું કહેવું પુરતું થઇ પડશે કે અલી (અ.સ.) ના સંતાનની નમાઝ અને કુનુત અલી (અ.સ.) ના જેવા જ હશે. બીજા શબ્દોમાં કહીએ તો આપની નમાઝ અને ઇબાદત બન્ને પરવરદિગારે આલમની મરજી મુજબ હશે.

આપણી બધી આશાઓ એ દિવસ સાથે સંકળાએલી છે, જ્યારે આપ ઝુહુર ફરમાવશે અને આ નમાઝ અને કુનુતની હકીકત અને રૂહાનિય્યત પ્રકાશમાં આવશે ! માત્ર આપણે જ નથી જે આ દિવસની બેચેનીથી રાહ જોઇ રહ્યા છીએ, બલ્કે ઇસા બીન મરયમ (અ.સ.) પણ બેહદ આતુરતાની સાથે આ દિવસની રાહ જોનારામાંથી છે, જ્યારે તેમને આ સન્માન પ્રાપ્ત થશે કે ઝહેરા (અ.સ.) ના લાડકવાયાની સરદારી અને ઈમામતમાં નમાઝ અદા કરે.

મશહુર સુન્ની હદીસકાર અલ્લામા મુત્તકી હિન્દીએ એક હદીસ નકલ કરી છે કે રસુલે અકરમ (સ.અ.વ.) એ ફરમાવ્યું કે ઝુહુરની પછી મહદી (અ.સ.) ઇસા (અ.સ.) ની તરફ ધ્યાન આપીને કહેશે આગળ આવીને ઈમામત કરો. ઇસા (અ.સ.) જવાબ આપશે, આ નમાઝ માત્ર

(વધુ પાના નંબર ૨૧ ઉપર)

# ત્રીજા નાએબે ખાસ
# જનાબ હુસયન બીન રવ્હ નવબખ્તી

વાંચકો ! અલ મુન્તઝરના ૧૫ શઅબાનુલ મુઅઝઝમ ૧૪૨૧ ના વિશેષ અંકમા નયાબતની જરૂરત, ૧૪૨૨ ના વિશેષ અંકમાં નાએબે ખાસ જનાબ ઉસ્માન બીન સઈદ અમરવી અને વિશેષ અંક ૧૪૨૩માં બીજા નાએબે ખાસ મોહમ્મદ બીન ઉસ્માન બની સઈદ અમરવીના જીવન ચરિત્ર ઉપર પ્રકાશ પાડી ચૂક્યા છીએ અને હવે આ અંકમાં ત્રીજા નાએબે ખાસ જનાબ હુસયન બીન રવ્હ નવબખ્તી (રહેમતુલ્લાહે અલયહે) ના જીવન ચરિત્ર ઉપર પ્રકાશ પાડીએ છીએ.

| | | |
|---|---|---|
| નામ | : | હુસયન |
| કુન્નીયત | : | અબુલ કાસિમ |
| પિતાનું નામ | : | રવ્હ |
| દાદાનું નામ | : | અબી બહર |
| ખાનદાન | : | નવબખ્ત |

આ રીતે આપ અબુલ કાસિમ હુસયન બીન રવ્હ બની બહર નવબખ્તીના નામે ઓળખવામાં આવે છે. આપના જન્મની તારીખ ઇતિહાસના પુસ્તકોમાં નોંધવામાં આવેલ નથી.

**વંશાવેલો :**

ઇતિહાસકારોએ લખ્યું છે કે અબુ સોહયલ ઇસ્માઇલ બીન અલી પછી નવબખ્તીના કુટુંબમાં સૌથી વધુ મશહુર માણસ અબુલ કાસિમ હુસયન બીન રવ્હ બીન અબી બહર છે. અને તેમની શોહરતનો મુખ્ય સ્ત્રોત તેમનું દીની સ્થાન અને હોદ્દો છે. તેમને શીયાઓ દરમીયાન હઝરત કાએમ (અ.સ.) ના ચાર નવ્વાબોમાંથી એક નવ્વાબ ગણવામાં આવે છે.

(પઝવહશી પીરામુન, ઝીન્દગાનીએ નવ્વાબે ખાસે ઇ.ઝમાના અ., પા. ૨૩૩)

શયખ તુસી (રહ.) એ તેમની કિતાબ રેજાલમાં હુસયન બની રવ્હની કોઇ ચર્ચા કરી નથી. અને તેમના અનુસરણમાં શરૂઆતની સદીઓના વિદ્વાન ઇતિહાસકારોએ પણ આપના જીવન ઉપર કોઇ પ્રકાશ પાડેલ નથી. વર્તમાન વિદ્વાનોએ માત્ર આપના નામથી જ સંતોષ માન્યો છે. પરંતુ શયખ તુસી (રહ.) તેમની કિતાબ 'અલ ગયબ' માં આપના બારામાં ઘણી હદીસો નકલ કરી છે. જેમાં આપના જીવનના જુદા જુદા પાસાઓ વણી લેવામાં આવ્યા છે.

ઇબ્ને શહરે આશુબે હુસયન બની રવ્હને ઇમામ અસ્કરી (અ.સ.) ના ખાસ અસહાબમાં ગણાવ્યા છે.

(ઝીન્દગાની નવ્વાબે ખાસ, પા. ૨૩૪, નકલ અઝ મનાકેબ, ૪૨૩/૪)

મરહૂમ ઇકબાલે તેમની કિતાબ ''ખાનદાને નવબખ્તી'' ના પાના ૨૧૪ ઉપર ઇબ્ને શહરે આશુબની માન્યતાને સ્વિકારી છે જ્યારે ડો. જાસીમે તેમની કિતાબ 'તારીખે સીયાસી એ ગયબતે ઇમામે દવાઝ દહુમ (અ.સ.)' માં આ માન્યતાને રદ કરી છે.

**હુસયન બીન રવ્હ – બીજા નાયબના જમાનામાં**

મશહૂર એ છે કે આપ ઇમામ હસને અસ્કરી (અ.સ.) ના અસહાબોમાંથી હતા. અને બીજા નાયબ મોહમ્મદ બીન ઉસ્માન (રીઝવાનુલ્લાહે અલયહ) ના નયાબતના જમાનામાં આપ તેમના નિકટના કાર્યકર્તા હતા. બીજા નાયબની પાસે આપનું સ્થાન અને દરજ્જો એટલા ઉંચા હતા કે બીજા નાએબે, ઇમામીયાના રઇસોને જુદા જુદા તબક્કાઓમાં વહેંચણી કર્યા પછી હુસયન બીન રવ્હને પ્રથમ દરજ્જાનું સ્થાન આપ્યું હતું અને બધા રઇસોમાં હુસયન બીન રવ્હ તે પહેલા માણસ હતા, જેમને આપે પોતાની સાથે મુલાકાતની પરવાનગી આપી દીધી હતી.

નોંધ : જે વાત હાલના તબક્કે પ્રકાશમાં આવે છે તે એ છે કે ખાસ નાએબો અસાધારણ ચપળતા ધરાવતા હતા અને જે કળ વકળથી કામ લેતા હતા. તેથી ઇમામે ઝમાના (અ.સ.) ના રહેણાંકના સ્થાનને દુશ્મનો સામે ક્યારે પણ જાહેર થવા ન દીધું. આ બાબત એક અસાધારણ આવડતનું સૂચન કરે છે. કારણ કે ગયબતે સુગરા એક કે બે વરસનો સમયગાળો નથી. બલ્કે સાત દાયકાઓ સુધીનો છે. આ લાંબા સમયગાળામાં ઇમામે ઝમાના (અ.સ.) સાથે સતત સંપર્ક જાળવી રાખવો અને લોકોના પ્રશ્નોને ઇમામ સુધી પહોંચાડવા અને તેઓના પ્રશ્નોના ઉકેલ તેઓને સોંપવા, આ લેવડ દેવડમાં લોકોને એ બાબતનો દ્રઢાગ્રહ રહેતો હશે કે અમને કેમ મળતા નથી ? અમે મળવા માગીએ છીએ. વાંચકો ! તમે જાતે એ વાત ઉપર વિચાર કરો. જો આપણે કોઇ ચીજને છુપાવવા માગીએ, જ્યારે બીજા લોકોને એ ખબર હોય કે ચીજ છુપાવી દીધી છે અને અમે એ જાણીએ છીએ અને પછી લોકો જીદ ઉપર જીદ કર્યા કરે કે તેનું ઠેકાણું બતાવો, તો થોડાક દિવસો તો

આપણે તેને છુપાવી શકશું, રાળી ટાળી શકશું પરંતુ વર્ષોના વર્ષો નહિ. આની ઉપરથી અંદાજ કરી શકાય છે કે મઅસુમ ઇમામોએ નાએબોને કેવી રીતે કેળવ્યા હશે.

જનાબ મોહમ્મદ બીન ઉસ્માન (રહ.) એ આપને પોતાની અને બગદાદના વકીલોની વચ્ચે સંપર્ક ગોઠવી રાખ્યો હતો. હુસયન બીન રવ્હ આ બધી બાબતોની સાથે સાથે બીજા નાએબનાજ જમાનામાં ખાસ હેતુના કારણે બની અબ્બાસના દરબારમાં પણ અસાધારણ અસર અને પહોંચ ધરાવતા હતા. જેના પરિણામે હુકુમત તરફથી આપને મદદ પણ મળતી હતી. આ અંગે નીચે દર્શાવેલ પ્રસંગો ઉપર ધ્યાન આપીએ.

(૧) મરહુમ શયખ સદુક (અ.ર.) એ અબુ મોહમ્મદહસન બીન મોહમ્મદ બીન યહ્યા અલવીથી નકલ કરી છે કે અબુલ હસન અલી બીન અહમદ બીન અલી અકીકી સન ૨૯૮ હિજરીમાં બગદાદ આવ્યા અને અલી બીન ઇસા બીન જર્રાહ, જે કે તે સમયે હુકુમતમાં વઝીરના હોદ્દા ઉપર હતા, તેમની સાથે મુલાકાત કરી જેથી પોતાની સંપત્તિના અનુસંધાનમાં પુછપરછ કરે અને પોતાની માંગણી અને જરૂરીયાતોની વજીર પાસે માંગણી કરે. વઝીરે કહ્યું : આ શહેરમાં તમારા ઘણા સગા છે. જો તેઓમાંથી દરેકે માંગણી કરી અને જો અમે દરેકને આપીએ તો પહોંચી નહિ વળીએ અને આ મામલાનો નિકાલ નહિ કરી શકીએ. અકીકીએ વઝીરને જવાબમાં કહ્યું હું મારી હાજત તેની પાસે માગી રહ્યો છું જેના થકી મુશ્કીલ હલ થઇ શકે છે. અલી બીન મુસાએ પુછ્યું : 'તે કોણ છે ?' તેમણે કહ્યું : ખુદાવન્દે અઝઝ વજલ. આટલું કહીને તે ગુસ્સામાં બહાર નીકળી ગયા. અકીકી કહ્યા કરતા હતા કે હું ગુસ્સામાં બહાર આવ્યો અને કહી રહ્યો હતો : ખુદાવન્દે આલમ દરેક આપત્તીમાં સબર આપી રહે છે. અને દરેક મુસીબતને દૂર કરી દે છે. આ કહીને હું ત્યાંથી બહાર નીકળી ગયો. પછી હુસયન બીન રવ્હનો સંદેશો લઇને એક કાસદ મારી પાસે આવ્યો. મેં તેને વઝીરની ફરિયાદ કરી અને તેણે પણ એજ ફરિયાદ હુસયન બીન રવ્હને કરી. બીજી વખત એજ કાસદ મારી પાસે આવ્યો અને મારા માટે સો દીરહમ લઇને આવ્યો. તે બધા ગણ્યા અને વજન કર્યો અને એક રૂમાલ, અને થોડી માત્રામાં હનુત અને થોડાક કફન મને આપ્યા અને કહ્યું : તમારા સરવર અને આકાએ તમને સલામ મોકલ્યા છે અને કહ્યું છે : જ્યારે કોઇ મુશ્કેલી કે દુઃખ તમારી ઉપર આવે ત્યારે આ રૂમાલ તમારા ચહેરા ઉપર ફેરવશો. આ રૂમાલ તમારા આકાનો રૂમાલ છે. આ રકમ, હનુત અને કફનને તમારી સાથે લઇ જાવ. જાણી લો કે આજની રાત્રે તમારી માગણી પૂરી થઇ જશે. અને તેની સાથે આ પણ કહ્યું જ્યારે તમે મીસ્ર પહોંચશો ત્યારે મોહમ્મદ બીન ઇસ્માઇલ તમારાથી દસ દિવસ પહેલા મૃત્યુ પામશે અને દસ દિવસ પછી તમે પણ આ દુનિયાથી વિદાય લેશો. આ કફન અને હનુત તમારા માટે છે. મેં તે લઇ લીધા અને તે કાસદ ચાલ્યો ગયો. અચાનક મેં મને ખુદને મારા ઘરના દરવાજાના દિવાની પાસે જોયો. તે સમયે દરવાજા પાસેથી અવાજ આવ્યો. મેં મારા ગુલામને પુછ્યુંઃ બધું બરાબર છે ને ? જુઓ કોણ છે ? તે ગયો અને કહ્યું બધું ઠીક છે. વઝીરના કાકાના દિકરા હમીદ બીન મોહમ્મદ કાતીબનો ગુલામ છે. તેને મારી પાસે લાવ્યો. તેણે મને કહ્યું : વઝીરે આપને બોલાવ્યા છે અને મારા માલિક હમીદે કહ્યું છે કે મારી પાસે ચાલ્યા આવો. હું પણ સવાર થયો અને ચાલ્યો જ્યારે વઝઝાનીનની શેરીમાં પહોંચ્યો ત્યારે હમીદને જોયો કે તે મારી રાહ જોતો બેઠો હતો. જ્યારે તેણે મને જોયો ત્યારે તે આવ્યો અને મુસાફેહા પછી અમે લોકો ફરી સવાર થયા અને વઝીરના ઘરે પહોંચ્યા. વઝીરે મને કહ્યું : એ બુઢ્ઢા શખ્સ ! ખુદાએ તમારી હાજતને પૂરી કરી. પછી મારી માફી માગી અને થોડા સીલ બંધ કાગળો (મિલ્કતના દસ્તાવેજ) મને આપ્યા. હું તે લઇને બહાર આવી ગયો.

(કમાલુદ્દીન, પ્ર. તૌકીઆત, હ. ૩૬)

નોંધ : આ પ્રસંગ ઉપરથી હુસયન બીન રવ્હની અસર અને પ્રતિભા દેખાઇ આવે છે. આ પ્રસંગ ઉપરથી એ પણ જણાય છે કે હિજરી ૨૯૮ માં મોહમ્મદ બીન ઉસ્માનના નયાબતના સાત વરસ બાકી હતા. હજી તો હુસયન બીન રવ્હ ઇમામના નાએબ પણ નહોતા થયા, તે છતાં ગેબી ખબરો ઇમામ (અ.સ.) તરફથી આપને પહોંચતી હતી.

## જનાબ હુસયન બીન રવ્હની પસંદગી

જનાબ મોહમ્મદ બીન ઉસ્માને પોતાના મૃત્યું પહેલા બે કે ત્રણ વરસ પહેલાથી જ અમૂક શીયાઓ કે જેઓ સહેમે ઇમામ કે બીજી રકમો લઇને આવતા હતા, તેઓને હુસયન બીન રવ્હ નૌબખ્તી તરફ રજુ થવાનું કહેતા એટલે કે તેમની નયાબતના માટે ઇમામે ઝમાના (અ.સ.) ની તરફથી પૂર્વ ભુમિકા બાંધી રહ્યા હતા. જે લોકો આ બાબતમાં શંકા કરતા તેઓને કહેતા, આ ઇમામે ઝમાના (અ.સ.) નો હુકમ છે. આવી ઘણી હદીસો કિતાબોમાંથી મળે છે. અહિં એક હદીસ નકલ કરીએ છીએ.

મોહમ્મદ બીન અલી અસવદ કહે છે : અમૂક માલ જે

વકફ કરવામાં આવ્યા હતા તે મારા સુધી પહોંચ્યા હતા. જે મોહમ્મદ બીન ઉસ્માનની પાસે લઇ જતો હતો. તે મારી પાસેથી લઇ લેતા હતા. એક વખત તેમની જીંદગીના છેલ્લા દિવસોમાં અમૂક માલ લઇને તેમની પાસે પહોંચ્યો, પરંતુ તેમણે હુકમ આપ્યો કે તે હુસયન બીન રવ્હને હવાલે કરી દો. મેં પણ તે માલ તેમના હવાલે કરી દીધો. અને તેમની પાસે રસીદ માગી.

હુસયન બીન રવ્હે જ્યારે આ બારામાં મોહમ્મદ બીન ઉસ્માનને ફરિયાદ કરી ત્યારે તેમણે હુકમ આપ્યો કે માલની રસીદની માગણી તેમની પાસે ન કરો અને કહ્યું જે કાંઇ માલ અબુલ કાસિમ હુસયન બીન રવહને આપવામાં આવે છે તે મને આપવા બરાબર છે. ત્યાર પછી જ્યારે પણ માલ હુસયની બીન રવ્હ પાસે લઇ ગયો, તેમની પાસેથી રસીદની માગણી ન કરી.

(કમાલુદ્દીન, પ્ર. તવકીઆત, હ. ૨૮)

આવીજ રીતે એક પ્રસંગ અબુ અબ્દુલ્લાહ જઅફર બીન મોહમ્મદ મદાઇ જે 'ઇબ્ને કઝદા' ના નામે ઓળખાય છે, તેમનાથી નકલ થયો છે જે શયખ તુસી (અ.ર.) એ 'અલગયબા' પા. ૩૬૭ ઉપર લખ્યો છે.

મોહમ્મદ બીન ઉસ્માને હુસયન બીન રવ્હને પોતાના ઉત્તરાધિકારી નક્કી કરતી વખતે ઘણી કાળજીપૂર્વક કામ લીધું. ક્યારેક વ્યક્તિગત રીતે ક્યારેક નિખાલસ શીયાઓના મજમામાં તો ક્યારેક વકીલોને નયાબતની વાત કરી. તેનું કારણ સ્પષ્ટ છે કારણ કે હુસયન બીન રવ્હના બારામાં ઇમામો (અ.સ.) તરફથી તેમની વિશ્વાસપાત્રતા અને અમાનતદારીની કોઇ સનદ દલીલ તરીકે સાદર ન્હોતી થઇ. બગદાદનાા વકીલો અને ખાસ કે આમ શીયાઓને કોઇ એવો ખ્યાલ પણ ન્હોતો કે હુસયન બીન રવ્હ ઉત્તારધિકારી તરીકે પસંદગી પામશે. તેથી મોહમ્મદ બીન ઉસ્માને ઇમામે ઝમાના (અ.સ.) તરફથી હુસયન બીન રવ્હની નયાબતને બયાન કરવાની દરેક તક ઝડપી લીધી.

જઅફર બીન મોહમ્મદ ઇબ્ને કવલવીયા કુમ્મી ફરમાવે છે : અમારા ઉસ્તાદ કહેતા કે અમને એ વાતમાં શંકા ન હતી કે જ્યારે મોહમ્મદ બીન ઉસ્માન મૃત્યું પામશે, ત્યારે જઅફર બીન અહમદ બીન મુત્તીલ અથવા તેમના પિતાની સિવાય તેમની જગ્યા કોઇ નહિ લે કારણ કે તેમનામાં મોહમ્મદ બીન ઉસ્માનના ગુણો હતા અને અમે એ પણ જાણતા હતા કે તેઓ કેવી રીતે તેમના ઘરે સમય પસાર કરતા હતા. ત્યાં સુધી કે મોહમ્મદ બીન ઉસ્માન તેમની ઉમરના છેલ્લા દિવસોમાં માત્ર જઅફર મત્તીલ અને તેમના પિતાના ઘરેથી તૈયાર કરેલો ખોરાક જ લેતા હતા. અથવા તો ખુદ જઅફર બીન મત્તીલ અથવા તેમના પિતાના ઘરે ચાલ્યા જતા હતા અને ત્યાંજ જમી લેતા હતા. ખાસ શીયાઓમાં જરાપણ શંકા ન હતી કે જો કોઇ ઘટના મોહમ્મદ બીન ઉસ્માન સાથે ઘટે તો પોતાની વસીયત મુજબ જઅફર બીન મુત્તીલને પોતાના વારસદાર બનાવશે. પરંતુ જ્યારે જોયું કે તેમણે અબુલ કાસિમ હુસયન બીન રવ્હને માટે વસીયત કરી તો સૌ કબુલ થઇ ગયા અને તેમને મોહમ્મદ બીન ઉસ્માનના વારસદાર તરીકે સ્વિકાર્યા અને મોહમ્મદ બીન ઉસમાનની જેમ તેમની સાથે વર્તાવ કર્યો . અને મોહમ્મદ બીન જઅફર બીન મુત્તીલે પણ જીવતા રહ્યા ત્યાં સુધી મોહમ્મદ બીન ઉસ્માનના સમયની જેમ તેમની નયાબતની વ્યવસ્થામાં કામ કરતા રહ્યા.

આ છે ઇમામે ઝમાના અલયહિસ્સલામના નિખાલસ મદદગારોનો ગુણ કે વ્યક્તિના બદલાઇ જવાથી કામગીરીમાં કમી નથી થતી.

જઅફર બીન મોહમ્મદ ઇબ્ને કવલવીયાએ કુમ્મી કહે છે : પછી જે માણસ હુસયન બીન રવ્હને ખરાબ કહે તેણે મોહમ્મદ બીન ઉસ્માનને ખરાબ કહ્યા અને જેણે તેઓને ખરાબ કહ્યા તેણે હકીકતમાં ઇમામે ઝમાના (અ.સ.) ને ખરાબ કહ્યા અને તે હઝરત ઉપર દોષારોપણ કર્યું.

(ઝીન્દગાની એ નવ્વાબે ખાસ, પા. ૨૪૩)

ઉપરની હદીસો ઉપર વિચાર કરવામાં આવે તો જણાશે કે મોહમ્મદ બીન ઉસ્માનના અમૂક વકીલો હુસયન બીન રવ્હની સરખામણીમાંતેમની વધુ નજદિક હતા. જાહેર રીતે તે લોકોની સાથે આપ મળતા હળતા હતા. અને હુસયન બીન રવ્હ સાથેનો જાહેર સંપર્ક ઘણો ઓછો દેખાતો હતો. તેથી આ વાત વધારે જાણીતી હતી કે તે લોકોમાંથી કોઇ વારસદાર થશે. અગાઉની હદીસોથી એ પણ જાણ્યું કે મોહમ્મદ બીન ઉસ્માનના સમયગાળામાં જ નયાબત હુસયન બીન રવ્હ તરફ બદલાઇ રહી હતી. પરંતુ આ વધારે મશહૂર ન હતું. તેથી એમ જણાયું છે કે હુસયન બીન રવ્હ, મોહમ્મદ બીન ઉસ્માન (બીજા બધા કરતા) સાથે જાહેરમાં નજદિક ન હોવા છતાં વારસદાર માટે મશહૂર હતા.

અબુ અલી મોહમ્મદ બીન હમાલા કહે છે કે મોહમ્મદ બીન ઉસ્માન (ર.અ.) એ પોતાના મૃત્યુના પહેલાં બુઝુર્ગો અને શીયાના રઇસોને ભેગા કર્યા અને કહ્યું : જો હું મરણ પામું તો મારા વારસદાર હુસયન બીન નવબખ્તી છે. મને આ વાતનો હુકમ આપવામાં આવ્યો છે કે હું મારી જગ્યા ઉપર તેમની નિમણૂંક કરૂં, તેથી તમે પણ તેમની તરફ રજુ

થાવ અને તમારા કામોમાં તેમની ઉપર વિશ્વાસ કરો.

(બેહાર. ૫૧/૩૫૫)

## હુસયન બીન રવ્હને પહેલી તવકીઅ

અબુલ અબ્બાસ બીન નુહ કહે છે કે મોહમ્મદ બીન નફીસે અહવાઝથી પત્ર લખ્યો હતો. મેં પત્રમાં લખેલું જોયું. પહેલી તવકીઅ જે હુસયન બીન રવ્હના બારામાં ઈમામે ઝમાના અલયહિસ્સલામ તરફથી આવી તે આ રીતે હતી.

''અમે તેમને (હુસયન બીન રવ્હને) ઓળખીએ છીએ. ખુદાવન્દે આલમ તેની બધી ખુબીઓ અને ખુશનુદીઓ તેમને પહોંચાડે અને તેમને પોતાની તૌફીકોથી ભરપૂર કરી દે. તેમના પત્રથી અમે જાણ્યું અને તેઓ અમારી નજદિક વિશ્વાસપાત્ર અને સંતોષકારક વ્યક્તિ છે. અમારી નજદિક તેમની મહત્વતા છે. જે તેમને ખુશ કરે ખુદાવન્દે આલમ પોતાના એહસાન અને નેકીનો તેમના ઉપર વધારો કરે.''

(શયખતુસી કૃત અલગયબા, પા. ૩૭૨, હ. - ૩૪૪)

આ તવકીઅ રવિવારના દિવસે શવ્વાલની છઠ્ઠી રાત પસાર થયા પછી હિજરી સન ૩૦૫ ના પહોંચી છે.

ઈમામે ઝમાના (અ.સ.) ની તરફથી હુસયન બીન રવ્હને નયાબતની જવાબદારી મળવાનું કારણ આ રીતે કહેવામાં આવ્યું છે.

(૧) વફાદારી અને હોશીયારી, ધીરજ અને સહનશીલતા અને આ બધાથી વધુ મહત્વની તેમની નિખાલસતા તેમના વારસદાર થવા માટેનું કારણ હતું. આ ખાસ રાજકીય પરિસ્થિતીમાં આ ગુણોની સખત જરૂરત હતી, નહિ તો વિરોધીઓ અને ઈર્ષ્યાળુઓનો સામનો કરવો નિશ્ચિત હતો. ઘણા વિદ્વાનો અને પરહેઝગારો મૌજુદ હતા અને લોકોની નજરો પણ તે લોકો ઉપર હતી.

(૨) શીયા અને સુન્ની બન્ને પ્રકારના લોકોમાં આપનું સૌથી વધુ બુદ્ધિશાળી હોવું, બીજું આપના દોસ્તો અને દુશ્મનો દરેકને વશ કરી લીધા હતા. તેથી શયખ તુસી (રહ.) ને જે છેલ્લી તવકીઅ ઈમામે ઝમાના (અ.સ.) ની તરફથી હુસયન બની રવ્હના મારફતે મળી તેમાં લખેલું હતું :

وَ كَانَ ابو القاسم رحمة الله عليه

مِن اعقل الناس عند المخالف و الموافق و يستعمل التقيّة

(અલ ગયબા, ૩૮૪)

''અબુલ કાસિમ (રહ.) વિરોધીઓ અને તરફદારોમાં સૌથી વધુ બુદ્ધિશાળી છે અને તેમની કાર્ય પદ્ધતિ તકય્યા છે.''

આપના તકય્યાની ઘણી દાસ્તાનો છે. મરહૂમ શયખ તુસી (રહ.) એ પોતાની કિતાબ ''અલ ગયબહ'' માં અબુ નસ્ર હેબતુલ્લાહ બીન મોહમ્મદ મારફતે ઈબ્ને યસાર (જે વજીર હતા) મુકતદીર બીલ્લાહ અબ્બાસીના ઘરમાં હુસયન બીન રવ્હની હાજરીમાં ૫ સુન્ની આલીમોની વચ્ચે આ ચર્ચા થઈ રહી હતી. તેમાનાં એકનું કહેવું હતું કે પયગમ્બર અકરમ (સ.અ.વ.) ની પછી સૌથી વધુ અફઝલ અબુ બક્ર છે. પછી અલી બીજાનું કહેવું હતું કે અલી સૌથી વધુ અફઝલ હતા.

હુસયન બીન રવ્હે આ પ્રશ્નનો ઉકેલ કરી આપ્યો. અલબત વખતની આવશ્યકતા મુજબ ઉકેલ લાવ્યા. અને તે રીતે શીયાઓનું રક્ષણ કર્યું. ત્યાં બેઠેલા લોકો હુસયન બીન રવ્હના જબરદસ્ત ટેકેદાર બની ગયા.

(૩) આપની પસંદગીનું એક કારણ એ પણ દર્શાવવામાં આવે છે કે શક્ય હતું કે વિરોધીઓ મોહમ્મદ બની ઉસમાન ઉપર શંકા કુશંકા કરે કે પોતાની નજદિક હતા તેથી ચુંટી લીધા અને એ કહેતે કે મોહમ્મદ બીન ઉસ્માનની અંગત પસંદગી છે, ઈમામે ઝમાના (અ.સ.) સાથે કોઈ સબંધ નથી. (એ વાત અમે લખી ચૂક્યા છીએ કે ખરેખર તો હુસયન બીન રવ્હ, મોહમ્મદ બીન ઉસ્માનની ઘણા નજદિક હતા. પરંતુ જાહેરમાં બીજા નવ વકીલ તેમની વધુ નજદિક દેખાતા હતા.) (ઝીન્દગાની એ નવ્વાબે ખાસ, પા. ૨૫૨)

## નાયબ તરીકે કામની શરૂઆત

મોહમ્મદ બીન ઉસ્માનના મૃત્યું પછી તેમની વસીયત મુજબ અબુલ કાસિમ હુસયન બીન રવ્હ નવબખ્તી ત્રીજા નાયબ થયાની એક પ્રણાલિકા ગત મજલીસ ''દારૂલ નયાબા'' બગદાદમાં યોજાઈ. તેમાં શીયાના બુઝુર્ગ અને નામાંકિત વ્યક્તિઓ અને ઓલમા હુસયન બીન રવ્હની સાથે ભેગા થયા. આ પ્રસંગની સય્યદ ઈબ્ને તાઉસે مُهَجُ الدَّعوَات માં આ રીતે નોંધ કરી છે.

''જ્યારે શયખ અબુ જઅફર મોહમ્મદ બીન ઉસ્માન અમ્રી (રહ.) મૃત્યું પામ્યા અને નયાબતની ફરજમાંથી મૂક્ત થયા, ત્યારે શયખ અબુલ કાસિમ હુસયન બીન રવ્હ બીન અબી બહર, મોહમ્મદ બીન ઉસ્માનના ઘરે ગયા. મોહમ્મદ બીન ઉસ્માનના નોકર 'ઝકાએ' તેમના સામાનને આપના હવાલે કર્યો. તે સામાન નીચે મુજબ હતો :

૧. થોડા લખેલા કાગળોનું બંડલ

૨. લાકડી

૩. લાકડાની રંગ કરેલી પેટી

નોકરે આ વસ્તુઓ હુસયન બીન રવ્હને દેખાડી તેમણે તે પોતાના હવાલે લઈ લીધી અને મોહમ્મદ બીન ઉસ્માનના

વારસદારોને કહ્યું : આ લખેલા કાગળોમાં ઇમામો (અ.સ.) ની બે અમાનતો લખેલી છે. અને તે આપે ખોલી અને દેખાડયું તો તેમાં ઇમામો (અ.સ.) ની દોઆઓ અને કુનુત લખેલા હતા. વારસોએ તે છોડી દીધી એન કહ્યું : ખાત્રીપૂર્વક આ પેટીમાં સોનુ અને જવેરાત છે. હુસયન બીન રવ્હે કહ્યું : શું આ પેટીને વેચશો? તે લોકોએ કહ્યું : કેટલી કિંમત આપશો ? હુસયન બીન રવ્હે અબુલ હસન એટલે ઇબ્ને શબીબ કોશારીને કહ્યું : આ લોકોને દસ દિરહમ આપી દો. તે લોકો રાજી ન થયા. હુસયન બીન રવ્હ વધારતા ગયા અને સો દિરહમ સુધી પહોંચ્યા. તેમ છતાં પણ તેઓ સંમત ન થયા ત્યારે કહ્યું કે જો તમે આટલી રકમમાં ન વેચશો તો પસ્તાશો. તે લોકો સંમત થઇ ગયા અને સો દિનાર લઇ લીધા. હુસયન બીન રવ્હે લાકડી અન તુમારને (કાગળના બંડલને) જુદા કર્યા અને પેટીને પોતે ઉપાડી લીધી. જ્યારે પેટીનો પ્રશ્ન પતી ગયો, ત્યારે આપે કહ્યું : આ લાકડી અબી મોહમ્મદ હસન અસ્કરી (અ.સ.) ની છે. જેને આપે શયખ ઉસ્માન બીન સઇદને વકીલ બનાવતી વખતે અને વસીયત કરતી વખતે તેમને હવાલે કરી હતી. તે હજી સુધી મૌજુદ છે. હવે રહ્યો સવાલ આ પેટીનો તેમાં ઇમામો (અ.સ.) ની વિંટીઓ છે. આ વીંટીઓ જુદા જ ગુણો ધરાવતી હતી. બહાર કાઢીને તે લોકોને દેખાડી,

(ઝીન્દગાની એ નવ્વાબે ખાસ, પા. ૨૫૨ થી ૫૪)

રિવાયતોથી સ્પષ્ટ રીતે જાણવા મળે છે કે હુસયન બીન રવ્હનો ઇમામે ઝમાના (અ.સ.) ના એલચી તરીકેનો જમાનો પહેલા અને બીજા એલચીની સરખામણીમાં શીયાઓની દરમ્યાન ઘણો તેજસ્વી રહ્યો અને એજ કારણથી કદાચ ઘણી વ્યક્તિઓ પોતાના જીલ્લાના વકીલો મારફતે સંપર્ક કરવાને બદલે સીધાજ હુસયન બીન રવ્હનો સંપર્ક સાધતા. આપની પહેલાના જમાનાઓમાં આજુબાજુના લોકોના વિરોધ વધુ જોવામાં આવે છે. પરંતુ આપના જમાનામાં ઘણો ઓછો વિરોધ થયો.

## નયાબતનો ઇન્કાર

હિ. સન ૩૦૭ માં મોહમ્મદ બીન ફઝલ મવસુલીએ આપની નયાબતનો ઇન્કાર કર્યો પરંતુ હસન બીન અલી વજનાઅના માર્ગદર્શન અને હુસયન બીન રવ્હના અમૂક કાર્યોને જોઇને તૌબા કરી લીધી.

એક વાતની ચર્ચા અહિં જરૂરી છે કે અમૂક લોકોએ હસન વજનાઅ અંગે લખ્યું છે કે આપ હુસયન બીન રવ્હની વકાલત અને નયાબતનો ઇન્કાર કરતા હતા. આપનું નામ પણ અમૂક લોકોએ હસન બીન અલી વજનાઅ અને અમૂકે હુસયન લખ્યું છે.

આ અનુસંધાનમાં મરહૂમ આયતુલ્લાહુલ ઓઝમા આકાએ ખૂઇ (ર.અ.) એ તેમની કિતાબ મોઅજમુર્રેજાલ, અલ-હદીસ, ભાગ-૫, પા. ૧૩૦ ઉપર તેમનું નામ આ રીતે લખેલું છે.

અબુ મોહમ્મદ હસન બીન મોહમ્મદ વજનાઅ નસીબી. આપે ઇમામ હસન અસ્કરી (અ.સ.) પાસેથી હદીસ નકલ કરી છે. અને ઇમામે ઝમાના (અ.સ.) સાથે મુલાકાત પણ કરી છે

શયખ તૂસી (રહ.) એ આપને હુસયન બીન રવ્હનો બચાવ કરનારા કહ્યા છે. હસન વજનાઅ નસીબીનના ઇલાકામાં હુસયન બીન રવ્હના વકીલ હતા અને મીસરના લોકો માટે પણ આપજ પત્ર વ્યવહાર કરતા હતા. આ જ રીતે કાસિમ બીન અલાઅ અને તેમના બે મિત્રો અબુ હામિદ ઇમરાન બીન મુફલી અને અબુ અલી હજદર આઝરબાઇજાનમાં અને મોહમ્મદ બીન જઅફર અસદી હિ. સન ૩૧૨ સુધી 'રય' શહેરમાં અને મોહમ્મદ બીન હસન સયરફી બલખમાં હુસયન બીન રવ્હ અને લોકોની દરમ્યાન સંપર્ક રાખવાનું કામ કરતા હતા.

(તારીખે સિયાસી - ગયબતે ઇમામે દવાઝદહુમ, પા. ૧૯૬-૯૮)

## રાજકીય પાસુ

હુસયન બીન રવ્હ, મુક્તદીર અબ્બાસીના જમાનામાં (હિ. ૨૯૫ થી ૩૨૦) માં રાજ્યના વઝીર અને વહીવટદારની નજદિક માન ભર્યું સ્થાન ધરાવતા હતા. પરંતુ મુક્તદીરના સમયમાં જ આપને કેદ પણ કરવામાં આવ્યા. મુકતદીર ઘણી નાની ઉમરે ખલીફા બન્યો હતો. તેના વઝીરોમાં જ્યાં સુધી ફુરાતના ખાનદાનના લોકો ચાલુ હતા, ત્યાં સુધી હુસયન બીન રવ્હની વહીવટમાં ઘણી બધી દખલગીરી રહી. પરંતુ હામીદ બીન અબ્બાસ જે છેલ્લી કક્ષાનો ચારિત્ર્યહીન અને તુંડમિજાજી હતો, એટલી હદે કે ગુસ્સામાં આવીને ગાળો આપતો હતો, જ્યારે તે વઝીર બન્યો ત્યારે તેણે આલે ફુરાતને ત્રાસ આપવાનું શરૂ કર્યું. તેઓની આજુબાજુમાં જે શીયા હતા તેઓને પણ કેદખાનાની મુસીબતો સહન કરવી પડતી. તેઓમાં હુસયન બીન રવ્હ પણ ત્રાસ ભોગવીને પરેશાન થયા. આ અત્યાચારની મુદ્દત જમાદીયુલ આખર હિ. ૩૦૬ થી રબીયુલ આખર હિ. ૩૧૧ સુધી રહી. એટલે લગભગ પાંચ વરસ. આ પાંચ વરસની મુદ્દતમાં હુસયન બીન રવ્હે સંતાઇને જીવન પસાર કર્યું. જાહેર જીવનમાં આપની કોઇ

કામગીરી ન હતી. હામીદ બીન અબ્બાસને હોદ્દા ઉપરથી ઉતારી પાડવા પછી ફરી શીયા માટેની પરિસ્થિતી સુધરી અને હુસયન બીન રવ્હે ફરી જાહેર જીવનમાં કામગીરી શરૂ કરી. પરંતુ હિ. ૩૧૨ માં હુકમતે આપની ધરપકડ કરી. ઇતિહાસકારો આ ધરપકડના બે કારણો આપે છે.

(૧) હુસયન બીન રવ્હ ઉપર આક્ષેપ મૂકવામાં આવ્યો કે આપનો સબંધ કરામતા સાથે છે. આપને અબુ તાહેર કરામતીએ પત્ર લખ્યો છે અને આમંત્રણ આપ્યું છે કે તે બગદાદ આવે અને બગદાદની કિલ્લેબંધી કરે. (અબુ તાહેરે બગદાદના હાજીઓ ઉપર હુમલો કર્યો હતો. અને તેઓને કેદ કરી લીધા હતા. આ હાજીઓમાં ખલીફા મુકતદીરના થોડા સગાઓ પણ હતા.)

(૨) બીજો આક્ષેપ એ કરવામાં આવ્યો હતો કે લોકો તેમને પોતાનો માલ હવાલે કરી દે છે અને એ બધો માલ તે પોતાના કબ્જામાં લઇ લે છે. અમૂક લોકોએ એ પણ લખ્યું છે કે હુકુમત તેમની પાસે અમૂક માલની માગણી કરી રહી હતી જે આપ અદા ન કરી શક્યા.

હુસયન બીન રવ્હની ઝીલહજ હિ. ૩૧૨ માં ફરી ધરપકડ કરવામાં આવી અને મોહર્રમ હિ. ૩૧૭ માં કેદથી આઝાદ કરવામાં આવ્યા.

ત્યાર પછી સંપૂર્ણ સન્માનપૂર્વક બગદાદમાં પોતાના કામોમાં મશગુલ થઇ ગયા. આપના માટે પરિસ્થિતિ એટલા માટે પણ અનુકુળ બની ગઇ કે નવબખ્તના કુટુંબમાંથી અબુ યઅકુબ ઇસ્હાક બીન ઇસ્માઇલ (હિ. ૩૨૨ માં કતલ કરવામાં આવ્યા.) અબુલ હસન અલી બીન અબ્બાસ (૨૪૪-૩૨૪) અબુ અબ્દુલ્લાહ હુસયન બીન અલી નવબખ્તી (મૃત્યુ - ૩૨૬) હુકુમતમાં મોટા હોદ્દાઓ ઉપર બિરાજમાન હતા.

## ઇલ્મી દરજ્જો

જેનો સીધો સંપર્ક હુજ્જતે ખુદા સાથે હોય અને હુજ્જતે ખુદાએ જેને પોતાની મહેરબાની, બખ્શીશ અને ફઝલો કરમથી નવાજ્યા હોય તેમના ઇલ્મના દરજ્જા વિશે શું કહી શકાય ?

મોહમ્મદ બીન ઇબ્રાહીમ બીન ઇસ્હાક તાલેકાની (રહ.) એ જ્યારે અલી બીન ઇસા કસરીનો સવાલ જે હુસયન બીન રવ્હને પૂછ્યો હતો કે ઇમામ હુસયન (અ.સ.) ખુદાના વલી હતા ? અને તેમનો કાતીલ ખુદાનો દુશ્મન હતો ? ત્યારે આપના સાબિતી સાથેના જવાબ પછી સવાલ કર્યો હતો, શું એ સાચું છે કે ખુદા પોતાના દુશ્મનને વલી ઉપર જીત અપાવે ? આ સવાલોના જવાબો સાંભળીને મોહમ્મદ બીન ઇબ્રાહીમ બીન ઇસ્હાકને શંકા થઇ. બીજા દિવસે જ્યારે હુસયન બીન રવ્હ પાસે આવ્યા, ત્યારે મોહમ્મદ બીન ઇબ્રાહીમના પૂછ્યા વગરજ આપે કહ્યું :

એ મોહમ્મદ બીન ઇબ્રાહીમ ! જો હું આસમાનમાંથી પડું અને પક્ષીઓનો કોળીયો બની જાઉં તો હું એ વાતને વધુ સારી ગણું છું તે વાતથી કે મારા મતથી અથવા પોતાના તરફથી ખુદાના દીનના બારામાં કાંઇ કહું. જે કાંઇ જવાબ મેં આપ્યો હતો તેનું મૂળ હુજ્જતે ખુદા છે. મેં તે હુજ્જતે ખુદા પાસેથી સાંભળ્યું છે.

(ઇસ્બાતુલ હોદ્દા, ૧/૧૧૭, હ. - ૧૬૮)

હુસયન બીન રવ્હે જે જવાબ આપ્યો હતો તેનો ખુલાસો એ છે કે ખુદા જાહેરમાં લોકો સાથે વાત નથી કરતો જે રીતે આપણે વાતો કરીએ છીએ. બલ્કે નબીઓ જે માણસના સ્વરૂપે આવ્યા, તેઓની મારફતે વાત કરે છે. તેઓને મોઅજીઝા અતા કર્યા, જે રજુ કરવાથી બીજા લોકો લાચાર હતા. તેમ છતાં અમૂક લોકો ઇમાન લાવ્યા અમૂક ન લાવ્યા. એટલે નબીઓ ક્યારેક સફળ તો ક્યારેક અસફળ થતા હતા. મુસીબતો અને બલાઓમાં સપડાતા હતા. જો ખુદા દરેક બાબત ઉપર નબીઓને સફળ બનાવતે તો લોકો તેઓનેજ ખુદા માનવા લાગતે. પછી ધીરજ, આફત અને કસોટીનો કાંઇ અર્થ ન રહેતે. એટલા માટે જ ખુદાએ તેઓને માનવી હોવાની સાથે સાથે એ ખુબીઓથી નવાજ્યા જેથી તેઓ મુસીબતો અને આફતોની પકડમાં સપડાય તો ધીરજ ધરે અને સારા સમયમાં અને દુશ્મનો ઉપર કાબુ મેળવવાના પ્રસંગોએ ખુદાનો આભાર માને અને દરેક સ્થિતિમાં સમતુલિત રહે. બળવા અને જો હુકમીથી દૂર રહે. જેથી લોકો એ સમજી શકે કે ખુદા છે, સર્જનહાર છે અને દરેક હુકમમાં તેની યોજના હોય છે.

(ઝીન્દગાની નવ્વાબે ખાસ, પા. ૨૬૫)

આપનો ઇલ્મી દરજ્જો કેટલો હતો, તે જાણવા માટે હદીસની કિતાબોનો અભ્યાસ કરવો જોઇએ. જેમ કે શયખ તુસી (રહ.) કૃત અલ ગયબાના પાના ૩૯૦ હદીસ ૩૫૬, પાના.૩૭૮ હ. ૩૪૬ અને પાના ૩૭૩ હ. ૩૪૫ શયખ સદુક (રહ.) કૃત કમાલુદ્દીન ભાગ - ૨, પાના. ૫૧૯, હદીસ ૪૮, અલ્લામા મજલીસી કૃત બેહારૂલ અન્વાર, ભાગ-૫૩, પા. ૧૯૨, હદીસ ૨૦. (બેહારના આ ભાગનો અને કમાલુદ્દીનનો ઉર્દૂ તરજુમો થએલ છે.)

ખુદાવન્દે આલમે જો તક આપી અને જીંદગી રહી તો ઇન્શાઅલ્લાહ હવે પછીના અંકમાં આ વિષય ઉપર જુદો લેખ રજુ કરશું.

અસંખ્ય પ્રસંગો અને દાસ્તાનો મૌજુદ છે. તેમાંથી માત્ર બે જોઇએ.

(૧) હુસયન બીન અલી બાબવય (શયખ સદુક રહ.ના ભાઇ) એ નકલ કરી છે કે તે વરસે (હિ. ૩૧૧) અમારા શહેર કુમથી એક જુથ (જેની ઉપર કરામતાએ હુમલો કર્યો હતો) હજ માટે રવાના થઇ રહ્યું હતું. તેથી મારા વાલીદે (અલી બીન બાબવયાએ) એક પત્ર અબુલ કાસિમ હુસયન બીન રવ્હને લખ્યો કે જે ઇમામે ઝમાના (અ.સ.) ની બારગાહમાં રજુ કરી દે અને આ વરસે બયતુલ્લાહની હજની પરવાનગી મેળવી લે. ઇમામે ઝમાના (અ.સ.) ની તરફથી આ મુજબના લખાણની સાથે જવાબ આવ્યો. ''આ વરસે હજ ઉપર ન જાવ.'' મારા વલીદે બીજો પત્ર લખ્યો ! મારા ઉપર હજ વાજીબ છે. શું જાએઝ છે કે વિલંબ કરૂં ? જવાબ આવ્યો ''જો જવાનું રોકી શક્તા નથી તો છેલ્લા કાફલાની સાથે જાવ.''

મારા વાલીદ છેલ્લા કાફલાની સાથે રવાના થયા અને બચી ગયા પહેલા ગએલો કાફલો હલાક થઇ ગયો.

(બેહાર, ૫૧/૨૯૩, હ. ૧)

અહમદ બીન ઇસ્હાકે કુમ્મીએ જ્યારે આપની મારફતે હજ કરવા જવાની પરવાનગી માગી તો હુસયન બીન રવ્હે પરવાનગી આપી અને સાથે એક કપડું પણ મોકલ્યું. અહમદ બીન ઇસ્હાકે જોયું અને કહ્યું કે આ તો મારા મરવાની ખબર છે. અને હજથી પાછા ફરતી વખતે હલવાન નામના સ્થળ ઉપર આપ મૃત્યુ પામ્યા.

(બેહાર, ૫૧/૩૦૬, હ. ૨૧)

## હુસયન બીન રવ્હની વફાત

આપ હિ. ૩૦૫ માં નયાબતના હોદ્દા ઉપર બિરાજમાન થયા અને હિ. ૩૨૬ માં આ ફાની દુનિયા છોડીને કૂચ કરી ગયા. આ રીતે આપની નયાબતની મુદ્દત આશરે ૨૧ વરસ થાય છે. પરંતુ જો બે ત્રણ વરસની તે મુદ્દતને ભેળવી દેવામાં આવે કે જે આપે મોહમ્મદ બીન ઉસ્માનના જીવન દરમ્યાન વકીલાતની જવાબદારી સંભાળી હતી તો કુલ મળીને ૨૩ વરસથી વધુ જ થશે.

આપની કબર બગદાદમાં 'નૌ બખ્તીયા' માં અલી બીન અહમદ નૌ બખ્તીના મકાનના દરવાજા ઉપર આવેલ છે. આપની વફાત બુધવાર ૧૮ શાબાન ૩૨૬ હિ.સ.માં થઇ.

આજે પણ આપની કબર બગદાદમાં તે જ જગ્યાએ આવેલી છે. પરંતુ હવે એ જગ્યાને 'સવકુલ અત્તારીન' કહે છે.

ઝવ્વારો કાઝમૈનની ઝીયારતના મોકા ઉપર ઇમામે ઝમાના (અ.સ.) ના આ મહાન નાયબની ઝીયારતને ભુલી ન જાય. આજકાલ ઝીયારતની ટૂરવાળા બગદાદની ટ્રાફીક વ્યવસ્થાની કડકાઇના કારણે આ ઝીયારતને ધ્યાન બહાર કરી દે છે. પરંતુ જો જુમ્આના દિવસે આ ઝીયારત ગોઠવવામાં આવે તો સહેલું છે. કારણ કે તે દિવસે બગદાદમાં રજાનો દિવસ હોય છે.

* * * *

(પાના નંબર ૧૪ થી આગળ)

આપના જ માટે યોજવામાં આવી છે. પછી ઇસા (અ.સ.) મારા પુત્રની ઇમામતમાં નમાઝ પડશે.

(અલ બુરહાન ફી અલામતે મહદી આખેરૂઝઝમાન, પા. ૧૬૦)

કુરઆને કરીમની આ આયતે શરીફા :

اَمَّنْ یُّجِیْبُ الْمُضْطَرَّ اِذَا دَعَاهُ وَیَكْشِفُ السُّوْٓءَ

(સુરએ નમ્લ : આયત -૬૨)

ની હેઠળ ઇમામ સાદિક (અ.સ.) ફરમાવે છે : ''આ આયત આલે મોહમ્મદ (સ.અ.વ.) ના કાએમ (અ.સ.) ની શાનમાં નાઝીલ થઇ છે. ખુદાની કસમ આપ જ તે તકલીફમાં આવી પડેલી વ્યક્તિ مضطر છો કે જયારે આપ મકામે ઇબ્રાહીમ ઉપર બે રકાત નમાઝ અદા કરશો અને અલ્લાહ તઆલા પાસે માગશો ખુદાવન્દ આપની દોઆને સ્વિકારી લેશે અને આપની તકલીફોને દૂર કરશે અને આપની દુનિયામાં ખલીફા તરીકે નિમણૂંક કરશે.''

(તફસીર અલી બીન ઇબ્રાહીમે કુમ્મી, ભાગ - ૨, પા. ૧૨૯)

આ નમાઝ, મજબુરીની નમાઝ હશે જે તે મજબુર અદા કરશે અને જેના પછી આપને લડાઇ કરવાનો હુકમ આપવામાં આવશે અને ફરમાન આ રીતે જાહેર થશે. ''એ અલ્લાહના વલી! કયામ કરો (ઊભા થાવ) અને અલ્લાહના દુશ્મનોથી બદલો લો.''

જ્યાં સુધી આપની કુનુતનો સંબંધ છે, ત્યાં સુધી તો દોઆઓની કિતાબોમાં આપને લગતી કુનુતની એક ખાસ દોઆ આવેલી છે. જે લોકોએ આ દોઆને જોવી હોય તેઓએ નીચે દર્શાવેલ કિતાબોની તરફ રજુ કરી શકે છે.

(૧) મહજુદ્દઅવાત, પા. ૬૭

(૨) અલ - બલદુલ અમીન, પા. ૫૬૯

(૩) બેહારૂલ અન્વાર, ભાગ - ૮૫, પા. ૨૩૩

(ક્રમશ :)

بِسۡمِ اللهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ صَلَّی اللهُ عَلَيۡکَ يَا وَلِيَّ الۡعَصۡرِ اَدۡرِکۡنَا

# એક માને ઈમામના સલામ

ખુશીના બધા ગીતો આશાઓના સિતાર ઉપર જ આલાપવામાં આવે છે. તેના શબ્દો ભવિષ્યના ભંડારોમાંથી કાઢીને શણગારવામાં આવે છે. એક બાળક માને કહે છે. ‘‘માં ઉંઘ નથી આવતી. એક વાર્તા કહે.’’ મા કહે છે; ‘‘આંખો બંધ કરો પછી કહું છું.’’ બાળક આંખો બંધ કરી લે છે. પરંતુ પાંપણો ભેગી થતાંજ એમ લાગે છે કે ઉંઘ હજી ઘણી દૂર છે. મા વાર્તા શરૂ કરે છે. ‘‘આવનાર આવશે. સફેદ ઘોડા ઉપર સવાર. એક હાથમાં તલવાર અને ખભા ઉપર અલમ. અલમનું કાપડ લીલા રંગનું હશે તેની ઉપર અનંત વિજયનું નિશાન હશે. તેનો ચહેરો સૂરજની જેમ ચમકી રહ્યો હશે. તેના ઘોડાના પગરવના તાલમેલથી એવું લાગશે કે કોઇ મદદગાર આવી રહ્યા છે. તેની તલવારની બીક નહિ લાગે. એટલા માટે કે તે આપણા રક્ષણ માટે હશે. તેના ઝંડાના ફરકવાથી આંખોમાં તરવરાટ પેદા થશે. તેની સુંદર આંખો જોઇને રડતા બાળકો છાના રહી જશે. પછી નાના હાથોને પોતાની માના હોઠ ઉપર ગમે તેમ ફેરવીને એ રીતે હસશે કે તાળવું દેખાવા માંડશે. મા પોતાના બાળકને છાતીએ લગાડીને પ્યાર કરશે. (શું ખબર બાળકને કે કેવા પ્રકારની મોહબ્બતના મોજાઓ માના દિલમાં ઉછળી રહ્યા છે.) પછી તે સવારને જોશે કે નજદિક આવી રહ્યો છે. તેમ છતાં ઘણો દૂર છે. તેના ચમકતા લલાટ ઉપર એક નુર એક પ્રકાશ પ્રસરીને તેનો હાર બનાવી લેશે. તેના વાળની એક લટ ત્યારે માથાના પ્રકાશ સાથે અડપલા કરશે. અંધારા ઉલેચાવા માંડશે. સુરમાના રંગની સવાર પોતાના આકર્ષણની સાથે પૂર્વની તરફથી ધીરે ધીરે ફેલાવા લાગશે. તે જ્યાંથી પસાર થશે તે રસ્તો મહેંકી ઉઠશે. તે મહેંકથી દિલમાં ઉમંગો ખીલી ઉઠશે. મંદ મંદ લહેરો લહેરાવા લાગશે. જમીનના નીરસ જીવનમાં વસંત ખીલવતી ખુશ્બુ ફેલાવા લાગશે.’’

તે પોતાની સવારી ઉપરથી ઉતરશે. જ્યાં તેના પગલાં પડશે તે જમીન સ્મિત વેરશે.

જ્યારે બોલશે ત્યારે મોતી વેરશે અને અલ્લાહ તબારક–વ–તઆલાની હમ્દો–સનામાં મશગુલ હશે. દરો–દિવાર એની સચ્ચાઇની સાક્ષી પૂરશે.

પછી એક નૂરાની ખૈમા તરફ પ્રયાણ કરશે, જેની ટોચ પર અલ્લાહની નીશાની રૂપે અલમ લહેરાતો હશે. એ શખ્સ પોતાના હાથનો અલમ જમીન પર રોપશે. તલવાર એક તરફ લટકાવશે. પોતાના ખાદીમોને બોલાવી ફરમાન જારી કરશે : જાઓ મઅસુમ બચ્ચાઓની પાસે જાઓ, જેમની માઓ અમારો ઝીક્ર અમારી ગૈબતમાં કરીને પોતાના બચ્ચાઓને સુવરાવી રહી છે. પહેલે એ માતાઓને અમારા સલામ પહોંચાડો. પછી મારા લશ્કરના એ નાના સિપાહીઓ માટે નિંદરને હુકમ કરો કે એમની આંખોમાં સમાઇ જાય.

હવે માની આંખો પણ ભારે થઇ રહી છે. તે પણ સૂઇ ગઇ એટલા માટે કે નમાઝે શબ માટે ઉઠવું છે.

હોલના ‘માતમકદા’ માંથી કોઇ ચીસ પાડી રહ્યું હતું. તેની જીભોમાંથી આગના લબકારા નીકળતા હતા. આ કોણ છે જે મારી હુકુમતમાં એક નવો નિયમ, એક નવી દુનિયા, એક નવી વસ્તીની વાતો કરી રહ્યું છે. હું નિર્દોષ બાળકોનો ભય તેઓના ખૌફ, તેઓનો ડર છું. તે બધાનો નાશ કરીશ. પોતાની ફોજને હુકમ આપે છે. ફફડી રહેલા ગરીબોની ધોરી નસથી પોતાના દાંતોને હટાવીને તે માતાઓ તરફ જાઓ. તે માતાઓને અને તેના ઉચ્ચ વિચારોને તબાહીની તરફ નાખી દો. શયતાની શક્તિની હવા થોડી પળોની હતી. તેઓના જ ગળામાં દોરડુ બની તે સૌને ફાંસી ઉપર ચડાવી દીધા.

બાળક અજાણ્યું બની સૂઇ રહ્યું હતું. રાત પસાર થઇ રહી હતી. અચાનક ઘડિયાળની એલાર્મ વાગી અને મા નમાઝે શબના માટે ઉઠી ગઇ. બાળક સ્વપ્નાની દુનિયામાં પોતાના મદદગાર ઇમામની ઝીયારત કરી રહ્યો હતો.

રિવાયતમાં છે કે જ્યારે ગુલે નરજીસનો ઝુહુર થશે, પારણાઓમાં બાળકો આપના આગમન ઉપર પોતાના નિર્દોષ સ્મિતથી આપનું સ્વાગત કરશે.

*``એ માઅબુદ ! દેખાડી દે મને હઝરત (ઈમામ મહદી અ.સ.) નો ખુશનુમા ચહેરો અને તેમનું ચળકતું લલાટ'' (દોઆએ અહદ)*

**ઈમામ સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું :**

અબુ બસીર કહે છે મેં ઈમામ સાદિક (અ.સ.) ને ફરમાવતા સાંભળ્યા : ''તમામ અમ્બીયાની ગયબતો અમારા કાએમ (અ.સ.) ના જીવનમાં શબ્દે શબ્દ પ્રસરશે'' પછી કહે છે. મેં કહ્યું : ''શું કાએમ (અ.સ.) આપની અહલેબૈતમાંથી હશે ?'' ફરમાવ્યું : ''એ અબુ બસીર ! તે અમારા ફરઝન્દ મુસા કાઝીમ (અ.સ.)ના વંશમાંથી પાંચમા પુત્ર હશે. તે મોહતરમ અને દુનિયાની કનીઝોના સરદારના પુત્ર હશે. તેમની ગયબત એટલી લાંબી હશે કે બાતીલ પરસ્ત શંકા કુશંકામાં સપડાઇ જશે. પછી ખુદાવન્દે આલમ તેમને જાહેર કરી દેશે. પૂર્વ અને પશ્ચિમમાં તેમની હુકુમત હશે. ઇસા બીન મરયમ (અ.સ.) આસમાનમાંથી ઉતરીને તેમની પાછળ નમાઝ પડશે. જમીન પોતાના માલિકના નુરથી ચમકી ઉઠશે. દરેક જગ્યાએ ખુદા વહદહુ લાશરીકની ઇબાદત થશે. દુનિયાના તટ ઉપર ખુદાના 'દીન' સિવાય બીજો કોઇ 'દીન' ન હશે. પછી ભલે આ કામ મુશ્રીકો માટે અસહ્ય પણ કેમ ન હોય.''

(મોઅજમે હદીસ અલ - ઈમામ મહદી (અ.સ.) ભાગ - ૩, પા. ૩૯૩, બેહાર : ભાગ - ૫૧, પા. ૧૪૬)

એક માને ઈમામના સલામ

એક માને ઈમામના સલામ

એક માને ઈમામના સલામ

એક માનો ઈમામના સલામ

એક માનો ઈમામના સલામ

ત્રીજા નાએબે ખાસ

જનાબ હુસયન બીન રવ્હ નવબખ્તી

ત્રીજા નાએબે ખાસ

જનાબ હુસયન બીન રવ્હ નવબખ્તી

ત્રીજા નાએબે ખાસ

જનાબ હુસયન બીન રવ્હ નવબખ્તી

ત્રીજા નાએબે ખાસ

જનાબ હુસયન બીન રવ્હ નવબખ્તી

ત્રીજા નાએબે ખાસ

જનાબ હુસયન બીન રવ્હ નવબખ્તી

ત્રીજા નાએબે ખાસ

જનાબ હુસયન બીન રવ્હ નવબખ્તી